dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 138 | AD - 2025, Maha Vad- 08 | Friday, Dt.21-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાની તાજપોશી : પ્રવેશ વર્મા સહિત ૬ મંત્રીઓએ લીધા શપથ

નવી દિલ્હી, તા.૨૦

દિલ્હીમાં ભાજપની સરકારની રચના કરવામાં આવી છે. આજે દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાએ સોગંદ લીધા હતાં. ગુપ્તા દિલ્હીના ચોથા મહિલા મુખ્યમંત્રી બન્યા છે. શપથ વિધિ સમારંભ રામલીલા મેદાનમાં યોજાયો હતો. સૌ પ્રથમ રેખા ગુપ્તાએ હિન્દીમાં ઈશ્વરના નામે મુખ્યમંત્રી પદના સોગંદ લીધા હતા. એલજીએ તેમને સોગંદ લેવરાવ્યા હતા. સોગંદ લીધા બાદ તેમણે વડાપ્રધાન મોદીને નમન કર્યું હતું.



દિલ્હીમાં ભાજપ સરકારના શપથગ્રહણના માત્ર સાડાચાર કલાક પછી મંત્રીઓમાં વિભાગોની વહેંચણી કરવામાં આવી હતી. સીએમ રેખા ગુપ્તાએ ગૃહ અને નાણાં મંત્રાલય પોતાની પાસે રાખ્યાં છે. નવી દિલ્હી બેઠક પરથી અરવિંદ કેજરીવાલને હરાવનારા પ્રવેશ વર્માને ડેપ્યુટી સીએમ બનાવાયા છે. તેમને શિક્ષણ, પરિવહન અને PWDની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રવેશ વર્મા મુખ્યમંત્રી પદની રેસમાં આગળ હતા. શાલિમાર બેઠક પરથી પહેલીવાર ધારાસભ્ય બનેલાં રેખા ગુપ્તાએ ગુરુવારે દિલ્હીના રામલીલા મેદાનમાં શપથ લીધા હતા. તેઓ રાજ્યના ૯મા મુખ્યમંત્રી અને દિલ્હીના ચોથા મહિલા મુખ્યમંત્રી બન્યા છે. સાથે જ ૬ બીજા મંત્રીઓએ પણ શપથ લીધા હતા. શપથગ્રહણ સમારોહ બાદ સાંજે સાત વાગ્યે પ્રથમ કેબિનેટ બેઠક મળી હતી.












# બાબરાનાં જીવનપરા વિસ્તાર પાસે વીજ ટ્રાન્સફોર્મરમાં આગ લાગી

બાબરા, તા.૨૦



બાબરાનાં જીવનપરા વિસ્તારમાં નિલવળા રોડ સામે આવેલ પીજીવીસીએલના વીજ ટ્રાન્સફોર્મરમાં કોઈ કારણોસર આગ લાગી હતી. નિલવળા રોડ સામે વહેલી સવારે આગ લાગી હતી. વીજ ટ્રાન્સફોર્મરમાં આગ લાગવાનાં કારણે વીજળી ગુલ થઈ હતી. ત્યારે આ ઘટના અંગે સ્થાનિક લોકોએ નગરપાલિકાનાં ફાયર ફાયટરને જાણ કરતાં ફાયર ફાયટર સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી તથા આગ પર પાણીનો મારો ચલાવી કાબુ મેળવ્યો હતો. જો કે સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ નથી. નગરપાલિકા ટીમની સતર્કતાથી કોઈ મોટી દુર્ઘટના થતાં અટકી હતી. આ આગની ઘટનામાં, ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓથી બચવા માટે પાવર ટ્રાન્સફોર્મર અને તેની આસપાસના વિસ્તારોમાં વધુ સાવધાની અને દેખરેખ રાખવાની જરૂરિયાત જણાઈ રહી છે.

# વિકસિત રાજ્યના વિઝન અને જનકલ્યાણના મિશન સાથેનું સર્વ સમાવેશક બજેટ: સુરેશ પાનસુરીયા

**ખેડૂતોને ટ્રેકટર અને વીજ સહાયથી ગ્રામીણ વિકાસને વેગ મળશે**

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયાએ આજે ગુજરાત વિધાનસભામાં રજૂ થયેલ રાજ્યના બજેટ અંગે જણાવ્યું હતું કે, આ બજેટ સર્વસમાવેશી, સર્વસ્પર્શી અને સર્વહિતેષી અને દરેક વર્ગના માનવીના ઉદ્ધાર સાથે ગુજરાતની પ્રગતિના નવા માર્ગો સુનિશ્ચિત કરશે. તેમણે ગુજરાતના સર્વાંગી અને સમાવેશક વિકાસને ધ્યાનમાં લઈને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ



'અંત્યોદય થી સર્વોદય' ના લક્ષ્ય સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના વર્ષ ૨૦૨૫-૨૬ માટે અત્યાર સુધીનું સૌથી મોટું રૂ. ૩,૭૦,૨૫૦ કરોડનું બજેટ પ્રસ્તુત કરવા બદલ નાણાં મંત્રી કનુભાઈ દેસાઈનો આભાર માન્યો હતો. ખેડૂતોને વીજ સહાય માટે ૧૦૬૧૩ કરોડ અને ખેડૂતોને ટ્રેકટર ખરીદી સહાય માટે ૮૦૦ કરોડની જોગવાઈથી ગ્રામીણ વિકાસને વેગ મળશે.

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન

અમરેલી, તા.૨૦

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા તા.૨૪ ફેબ્રુઆરીના રોજ એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ નં. ૦૧, અમરેલી અને તેના નિયંત્રણ હેઠળની અમરેલી, ધારી, રાજુલા, બાબરા, લીલીયા, સાવરકુંડલા પેટા વિભાગીય કચેરીમાં એપ્રેન્ટીસ તરીકેની નિમણૂક આપવા માટે આ ભરતી મેળો યોજાશે. ભરતી મેળો લાઠી રોડ, એસ. ટી. ડીવિઝન પાછળ, સરસ્વતી સ્કૂલ સામે, અમરેલી ખાતે સવારે ૧૦.૩૦ કલાકે શરૂ થશે. જેમાં વર્ષ ૨૦૨૨, ૨૦૨૩, ૨૦૨૪માં પાસ થયેલા સિવિલ એન્જિનિયરિંગ ડિગ્રી, ડિપ્લોમા, બી.એ, બી.કોમ, બી.બી. એ અને ITI (ફિટર, પ્લમ્બર, ડ્રાફ્ટમેન, ઈલેક્ટ્રિશિયન) ઉમેદવારો ભાગ લઈ શકશે. આ માટે NATS/ SKILL INDIA/MHRD/MSME પોર્ટલ પર રજિસ્ટ્રેશન ફરજિયાત છે.

# અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને આરોગ્ય સમિતિઓની બેઠક યોજાઇ

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને આરોગ્ય શાખાની સમિતિઓની બેઠક યોજાઇ, જેમાં રસીકરણ, રોગ નિયંત્રણ અને તમાકુ નિયંત્રણ કાર્યક્રમોની સમીક્ષા કરાઇ હતી. કલેકટરે ૦-૫ વર્ષના બાળકોના રસીકરણ પર ભાર મૂક્યો હતો. બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫માં રસીકરણ



કામગીરીની સમીક્ષા કરવામાં આવી અને બાકી રહેલા બાળકોને રસી આપવા સૂચના અપાઇ. જિલ્લામાં હાલમાં કોઈ રોગચાળો નથી, પરંતુ સિઝનલ ફ્લૂ માટે દવાઓ પૂરતી છે. મચ્છર નિયંત્રણ માટે પગલાં લેવા પણ જણાવાયું હતું. તમાકુ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ શાળાઓ નજીક તમાકુ વેચાણ પર પ્રતિબંધનું પાલન કરવા પર ભાર મૂકાયો. તમાકુ નિયંત્રણ ભંગ બદલ ૧,૫૧૭ કેસમાં રૂ. ૧.૫૫ લાખનો દંડ વસૂલાયો છે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, શિક્ષણ અધિકારી, આરોગ્ય અધિકારીઓ અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર યુનિ.ની MLA. (Psy) સેમ.-૩ની પરીક્ષામાં ગજેરા કેમ્પસની કોલેજનું ૧૦૦ ટકા પરિણામ

અમરેલી, તા.૨૦

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં લેવાયેલી MLA. (Psy) સેમ.-III પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં અમરેલીના ગજેરા કેમ્પસની શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.એ. મહિલા કોલેજનું પરિણામ ૧૦૦% પરિણામ સાથે ૧૦૦% ડિસ્ટીક્શન આવ્યું હતું. કોલેજની વિદ્યાર્થિની જાની લાવણી એ. ૭૪.૨૦% મેળવીને



સંસ્થામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. કેમ્પસ પરિવાર તરફથી તમામ સફળ વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ભુરખીયામાં લાયન્સ ક્લબ અમરેલી દ્વારા ૮૩મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ સંપન્ન

અમરેલી, તા.૨૦

લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી) દ્વારા લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેક્ટ હેઠળ ૮૩મા વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું ભુરખીયા મુકામે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ અને ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કેમ્પમાં રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર - મુંબઈનો આર્થિક સહયોગ પ્રાપ્ત



થયો હતો, જ્યારે સુદર્શન નેત્રાલયે તબીબી સહયોગ આપ્યો હતો. તા. ૧૯-૦૨-૨૦૨૫, બુધવારના રોજ ભુરખીયા હનુમાનજી મંદિર ખાતે આયોજિત નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનો શુભારંભ દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો, આ કેમ્પમાં સુપ્રસિદ્ધ નેત્ર રોગ નિષ્ણાત ડૉ. દર્શિતભાઈ ગોસાઈ દ્વારા આંખના તમામ રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું. કેમ્પનો ૧૨૬ દર્દીઓએ લાભ લીધો હતો, જેમાંથી ૪૫ જરૂરિયાતમંદ દર્દીઓને અમરેલીના સુદર્શન નેત્રાલય ખાતે ખસેડી નેત્રમણી આરોપણની સફળ સારવાર આપવામાં આવી હતી.

# વિકસિત ગુજરાતનાં બજેટને આવકારતા પૂર્વ સાંસદ નારણ કાછડીયા

અમરેલી, તા.૨૦

નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરવામાં આવેલ બજેટને પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ આવકાર્યું છે. તેઓએ બજેટને ગુજરાતનાં વિઝન અને જન કલ્યાણ માટેનું ગણાવ્યું છે. સરકાર દ્વારા ગત વર્ષ કરતા આ વખતે બજેટમાં ૧૧%નો વધારો કરવામાં આવ્યો છે. જેમાં ટ્રેકટરની ખરીદી સહાયમાં વધારો,



પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન, ગરીબોને ઘર મળી રહે તે માટેનું આયોજન, બાજપાઈ બોંકેબલ યોજના હેઠળ લોન અને સબસિડીમાં વધારો, કિસાન સૂર્યોદય સ્કીમ તેમજ મહિલા આત્મનિર્ભરતા સતી સાહસ યોજનાની જાહેરાત કરવામાં આવી છે જે આવકાર્ય છે. રાજયની એન્જીનિયરીંગ કોલેજમાં એઆઈ લેબ સ્થાપવાની પણ જોગવાઈ કરવામાં આવી છે તેમજ રાજયનાં આરોગ્ય બજેટમાં ૧૬%નો વધારો કરી લોકોનાં આરોગ્યની ચિંતા પણ રાજય સરકારે કરી છે.

ગુજરાત સરકારનાં બજેટને સર્વાંગી વિકાસલક્ષી બજેટ ગણાવી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કર્યો છે.


વિકાસ સાંગાણી 81283 53937 / 70488 83488

નક્ષત્ર મોટર્સ



Tunwal E-Vehicles

**સોલાર રૂફટોપ સિસ્ટમ**

વસાવો ઈલેક્ટ્રીક બીલ માંથી મુક્તિ મેળવો......

અદાણી, ગોલ્ડી પહલ પેનલો ઉપલબ્ધ

Rs.78000/- સબસિડી

**ઈલેક્ટ્રીક બાઈક**

ન્યુ ઈ-બાઈક સેલ્સ એન્ડ સર્વિસ, દરેક પ્રકારના ટુ-વ્હીલ, ફોરવ્હીલ સેલ્સ એન્ડ સર્વિસ

ઈલેક્ટ્રીક બાઈક તુનવાલ યો બાઈક

એસ.ટી.ડેપો પાછળ, ભોજલરામ વાડીની બાજુમાં અમરેલી


# જિલ્લાના તમામ આયુષ્માન મંદિર પર બ્લડ પ્રેશર, સુગર અને કેન્સરનું નિ:શુલ્ક નિદાન કરાશે

અમરેલી, તા.૨૦

ભારત સરકારના આરોગ્ય કાર્યક્રમ નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ નોન કોમ્યુનિકેબલ ડીસીઝ (NP-NCD) હેઠળ રાજ્યની ૩૦ વર્ષ કે તેથી વધુ વયની વસ્તીનું NCD અંતર્ગત સ્પેશિયલ સ્ક્રિનિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ કડીના ભાગરુપે સમગ્ર અમરેલી જિલ્લામાં તા.૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫થી તા.૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી બ્લડ પ્રેશર, ડાયાબિટિસ અને ત્રણ પ્રકારના કેન્સર (ઓરલ, બ્રેસ્ટ અને સર્વાઈકલ)નું સ્ક્રિનિંગ-નિદાન-સારવાર અને ફોલોઅપ કરવામાં આવશે. ૩૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોએ ઓછામાં ઓછું બે વાર બ્લડ પ્રેશર, ડાયાબિટિસની તપાસ કરાવવી આવશ્યક છે. અમરેલી જિલ્લાના તમામ આરોગ્ય આયુષ્યમાન મંદિર પર યોજાનારા ખાસ કેમ્પમાં જિલ્લાના નાગરિકોને આ તપાસ કરાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. જિલ્લાના નાગરિકોને વિનામૂલ્યે યોજાનાર તપાસ-સારવાર-ફોલોઅપ સેવાનો લાભ લેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ધારીનાં કોર્નાક જયસ્વાલે ગોલ્ડ મેડલ જીતી પરિવારનું ગૌરવ વધાર્યુ

ધારી, તા.૨૦

અમદાવાદના L.D. Engineering College ના વિદ્યાર્થી જયસ્વાલ (કલાલ) કોર્નાકએ GICEA Gold Medal જીત્યો છે, ધારી ગ્રામ પંચાયતના પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન જયસ્વાલ (કલાલ) જીતુભાઈના પુત્ર છે. આ સિદ્ધિથી સમગ્ર જયસ્વાલ પરિવારનું ગૌરવ વધ્યું છે, તેમજ ધારી ગામ અને અમરેલી જિલ્લાનું નામ રોશન થયું છે. સૌએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે.





Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

**કારકેર સેન્ટર**

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero

માઈલેજ લીડર
★★★★★
પ્રિમયમ કોપર ગોલ્ડ ગાર્નીસ
★★★★★
મજબૂત એલોય વ્હીલ્સ
★★★★★
લાંબી આરામદાયક સીટ
★★★★★
મોટું ફ્લોરબોર્ડ
★★★★★
અત્યાધુનિક ઓટો કેન્સલ ઇન્ડિકેટર
★★★★★



હીરો નું સ્કૂટર એટલે સ્કૂટર નો હીરો

Destini 125

રહો બે કદમ આગળ

અભિનેતા HERO DESTINI 125 | નિર્માતા HERO MOTOCORP

વિશેષતાઓ તેની શ્રેણીમાં શ્રેષ્ઠ માઈલેજ | મોટા અને 100/80-12 પહોળા એલોય વ્હીલ્સ | લાંબી પહોળી સીટ 785mm | LED પ્રોજેક્ટર હેડલાઈટ DRL સાથે

Navnit Hero

Near Gopi Cinema, Station Road, Amreli-365601

+91 92899 22254

navnit@heromotocorp.biz

મુકેશ સંધાણી 94281 45595

New Number 97230 67130

હર્ષદ સંધાણી 98242 33314

**અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી**

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ

ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ

ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ

સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ

હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ

વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી

**શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?**



વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલ્ડ ટીમ

**મુકેશ મોટર ગેરેજ**


Info.mmgamr.gmail.com

C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# વડીયામાં ખુલ્લેઆમ દારૂના વેચાણના બોર્ડ લાગ્યા: પોલીસની કામગીરી પર સવાલ

**માફિયાઓના ત્રાસથી બહેન-દીકરીઓને રસ્તે નીકળવામાં મુશ્કેલી**

વડિયા, તા.૨૦




અમરેલી જિલ્લાના વડીયા શહેરના તીનબત્તી ચોકમાં જાહેરખબરના બોર્ડમાં ખુલ્લેઆમ દારૂના વેચાણના શબ્દો લખાયેલ સામે આવતા ખળભળાટ મચી ગયો છે. શહેરના હાર્દ સમા તીનબત્તી ચોકના જાહેરખબરના બોર્ડ પર લખાયેલા શબ્દોએ લોકોમાં કુતુહલ જગાવ્યું છે. તીનબત્તી ચોક પર ચારેય બાજુના બોર્ડ પર તીનબત્તી ચોકમાં ખુલ્લેઆમ દારૂનું વેચાણ, દેશી અને ઈંગ્લીશ તેમજ માફિયાઓના ત્રાસથી બહેનું દીકરીયુંને નથી નીકળાતું જેવા શબ્દો લખાયા છે. આ શબ્દોએ વડીયા પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉભા કર્યા છે. આ બોર્ડ કોણે લગાવ્યા અને તેનો હેતુ શું છે તે પોલીસ તપાસનો વિષય છે. પરંતુ આ ઘટનાએ શહેરની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

# ધારી તુલસીશ્યામ રોડ પર ટ્રેક્ટર અને બાઈક વચ્ચે અકસ્માત, યુવાનનું મોત

**સરસીયા ગામના આશાસ્પદ યુવાનનાં મોતથી શોકની લાગણી**

ધારી, તા.૨૦



ધારી તાલુકા પંચાયત નજીક તુલસીશ્યામ રોડ પર ટ્રેક્ટર અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત થયો, જેમાં ધારીના સરસિયા ગામના આશાસ્પદ યુવાન અશ્વિનભાઈ ભરતભાઈ હેજમનું દુઃખદ અવસાન થયું હતું. અકસ્માત થયા બાદ ઘટના સ્થળે સ્થાનિક લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા.

અકસ્માતની જાણ થતાં ધારી પોલીસ સ્ટેશનનો સ્ટાફ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગયો અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી. અને લાશને પોસ્ટમોર્ટમ માટે ધારી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. આ દુર્ઘટનાને લઈને સંબંધિત તંત્ર દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ દુઃખદ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે.

# અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા. ૨૫ ફેબ્રુઆરીએ રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લાના રોજગાર ઈચ્છુકો માટે અમરેલી એચ.ડી.એફ.સી. લાઈફ ઈન્શ્યોરન્સ દ્વારા બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર, ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટ જગ્યા માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા અને સ્નાતકની શૈક્ષણિક લાયકાત તેમજ સી.આઈ.ઈ. ઓટોમોટિવ ઈન્ડિયા લિમિ. રાજકોટ દ્વારા કંપની ટ્રેઈનીની જગ્યા માટે ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા અને ધો.૧૦, ધો.૧૨ પાસ, આઈ.ટી.આઈ, ડિપ્લોમા સહિતની શૈક્ષણિક લાયકાત ધરાવતા કે એક્સ આર્મીમેન હોય તે આ ભરતી મેળામાં ભાગ લઈ શકશે. અનુબંધમ વેબપોર્ટલ ડિજિટલ માધ્યમથી તા.૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, સી-બ્લોક, પ્રથમ માળ, બહુમાળી ભવન અમરેલી ખાતે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે.

# અમરેલીમાં ગાયત્રી મંદિર ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાયો: ૮૦ દર્દીઓએ લાભ લીધો

અમરેલી, તા.૨૦



ગાયત્રી પરિવાર ટ્રસ્ટ અમરેલી અને રણછોડદાસ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના સંયુક્ત ઉપક્રમે ગાયત્રી મંદિર ખાતે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાયત્રી પરિવાર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ આ ૧૬૧મો નેત્ર કેમ્પ યોજાયો હતો. આ કેમ્પનું ઉદ્ઘાટન અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના જનરલ મેનેજર સુરેશભાઈ સંઘાણીએ કર્યું હતું. મુકુંદરાય એસ. મોરેએ કેમ્પના દાતા તરીકે સેવા આપી હતી. આ કેમ્પમાં કુલ ૮૦ દર્દીઓએ લાભ લીધો હતો, જેમાંથી ૪૫ દર્દીઓને વિનામૂલ્યે ઓપરેશન માટે મોકલવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લા સહકારી સંઘના મેનેજર ભાર્ગવભાઈ ત્રિવેદીએ કેમ્પનું સંચાલન કર્યું હતું, જ્યારે ટ્રસ્ટના વ્યવસ્થાપક હિરેનભાઈ ચાવડાએ તમામ વ્યવસ્થા સંભાળી હતી. કેમ્પમાં નાનજીભાઈ પાથર, બાબુભાઈ રાજ્યગુરુ ઉપસ્થિત રહ્યા હતા. સાગરભાઈ મહેતા, મયુરભાઈ ખાનપરિયા, અજયભાઈ કાલેણા, વિપુલભાઈ અને હકાભાઈ સહિતનાએ કેમ્પને સફળ બનાવવા માટે સેવા આપી હતી.

# સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલા તા. ૨૮-૨-૨૫ સુધી ગાંધીનગરમાં રહેશે

સાવરકુંડલા, તા.૨૦



સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા વિધાનસભામાં બજેટ સત્ર શરૂ થયું હોવાથી તા.૨૮-૨-૨૫ સુધી ગાંધીનગર રહેશે. આ સમયગાળા દરમિયાન લોકો પોતાના પ્રશ્નો અને સમસ્યાઓની રજૂઆત માટે સાવરકુંડલા ખાતેના તેમના કાર્યાલય- અટલધારા કાર્યાલય, મામલતદાર ઓફિસ સામે મહુવા રોડ પર આવેલ છે તેની મુલાકાત લઈ શકે છે. આ કાર્યાલયનો ફોન નંબર ૦૨૮૪૫- ૨૨૪૨૨૨૩ છે. વિશેષ વિગત માટે આ નંબર પર માહિતી મેળવી શકે છે.

# સા.કુંડલામાં જન્મજાત ખોડખાંપણની વિનામૂલ્યે સારવાર કરાશે

સાવરકુંડલા, તા.૨૦



સાવરકુંડલાના લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા, શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશનના સંચાલનમાં, ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૨:૦૦ સુધી ૧૦૦% નિઃશુલ્ક પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન કરાયું છે. દોશી સ્માઈલ્સ ઈંગા હેલ્થ ફાઉન્ડેશન અને ઠાકરશી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી આ આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ફાટેલા હોઠ, તાળવું, વાંકાચૂકા દાંત, જડબાની ખામીઓ અને ચહેરા પરની ગાંઠો જેવી જન્મજાત ખોડખાંપણની વિનામૂલ્યે સારવાર કરાશે. નિષ્ણાત સર્જન ડૉ. રિષભ શાહ સેવા આપશે, નોંધણી અને માહિતી માટે સંપર્ક માટે અમિત જોષી: ૯૦૩૩૬ ૮૭૫૪૯ અને હરીશ જાદવ: ૯૮૭૯૮ ૯૨૬૮૪નો સંપર્ક કરી શકાશે.

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
એજ જ ભાવ વ્યાજબી ભાવ
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

## મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૦૬/૨૫ — તા.૦૬/૦૨/૨૦૨૫

**વિવાદી** :- શ્રી ઘોરી મહેન્દ્રભાઈ વલ્લભભાઈ રહે.મુ.ચી/૧-૯૦૪, શિવધારા રે.રેસિડેન્સી વેદન્તા, ઉત્રણા, મોટા વરાછા સુરત ગુજરાત ૩૬૪૧૦૧ મો.૯૯૨૪૦૨૩૩૯૯
C/O એન.ડી.વઢેળ રહે.મેમદ મો.૮૩૪૭૦૭૭૧૯૧

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદી** :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી મુ.શાખપુર તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.શાખપુર ગામના રહીશ આ કામના અરજદારશ્રી ઘોરી મહેન્દ્રભાઈ વલ્લભભાઈ નો જન્મ તા.૦૨/૦૪/૧૯૮૭ ના રોજ શાખપુર, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૪/૦૧/૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ ~~સવાર~~/બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail: kanpariyavipul4025@gmail.com

## -// તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, ધારી //-

બ.ડે.રજી.કેસ નં.૨૦૫/૨૪ — નં.એમએજી/વશી/૯૪/૨૦૨૫ તા.૦૬/૦૨/૨૦૨૫

અરજદાર :-શ્રી શાંન્તાબેન વા.ઓ. કરશનભાઈ સીસણાદા રહે.ધારગણી, તા.ધારી, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
-વ-
ત.ક.મ.શ્રી ધારગણી ગ્રામ પંચાયત

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી શાંન્તાબેન વા.ઓ. કરશનભાઈ સીસણાદા રહે.ધારગણી તા.ધારી વાળાએ તેમનો પોતાનો જન્મ તા.૦૫/૦૨/૨૦૦૧ નાં રોજ ધારી તાલુકાનાં ધારગણી ગામ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૨૭/૦૨/૨૦૨૫ના રોજ ૦૪-૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામા આવશે. તેમજ અરજદારશ્રીએ નોટીસ સ્થાનિક અખબારમાં પ્રસિધ્ધ કરાવવાની રહેશે. જેની નોંધ લેવી.

સહિ
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ,
ધારી

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# ગુજરાત રાજ્યના વિકાસલક્ષી બજેટને આવકારતા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા

**નાણામંત્રી દ્વારા રજૂ થયેલ બજેટ અનેક સેક્ટરોનાં સર્વાંગી વિકાસને વેગ આપશે**

અમરેલી, તા.૨૦

વિકસિત ગુજરાત ૨૦૪૭ની પરિકલ્પનાને સાકાર કરવાના પ્રયત્નોને ચરિતાર્થ કરવાની પ્રતિબધ્ધતા વ્યકત કરતું રૂ. ત્રણ લાખ સિત્તેર હજાર બસો પચાસ કરોડનું રજૂ થયેલ વિકાસલક્ષી બજેટ રાજ્યના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ ઉપકારક બની રહેનાર હોય, રાજ્યના બજેટને નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ આવકાર્યું છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ થયેલ બજેટ રાજ્યના ખેડૂતો, મહિલાઓ, વંચિતો, કારીગરો, ઉદ્યોગકારો,



શ્રમિકો તથા આદિજાતિ લોકોના ઉત્થાન માટે મહત્વપૂર્ણ સાબિત થશે. રાજ્યના નાણામંત્રી દ્વારા વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા બજેટની જોગવાઈઓથી રાજ્યના શિક્ષણ, આરોગ્ય, કૃષિ, પ્રવાસન, મહિલા કલ્યાણ, આદિજાતિ વિકાસ, પર્યાવરણ અને સેવા તથા ઉદ્યોગ જેવા અનેક સેક્ટરોના વિકાસને બળ મળનાર છે. બનાસકાંઠાથી પીપાવાવ સુધી નમો એક્સપ્રેસ વે બનતા અમરેલી જિલ્લાનાં લોકોની સુવિધામાં વધારો થશે તેમ જણાવેલ છે.

# ગુજરાત સરકારના ગરીબ અને ખેડૂતલક્ષી બજેટને આવકારતા ધારાસભ્ય મહેશ કસવાલા

સાવરકુંડલા, તા.૨૦

ગુજરાત સરકાર દ્વારા રજૂ કરાયેલ રૂ.૩,૭૦,૨૫૦ કરોડનું ઐતિહાસિક અને જનકલ્યાણકારી બજેટ રાજ્યના સર્વાંગી વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું છે. ડીસાથી પીપાવાવ સુધીના માર્ગને નમો શક્તિ એક્સપ્રેસ વે તરીકે વિકસાવવાની મહત્વાકાંક્ષી યોજના રાજ્યના પરિવહન ક્ષેત્રમાં ક્રાંતિ લાવશે. આ બજેટમાં ખેડૂતો માટે તાર ફેન્સીંગ યોજનામાં વધારો, ઘરથી દૂર નોકરી કરતી બહેનો માટે વર્કિંગ વુમન હોસ્ટેલની સુવિધા, તેમજ શિક્ષણ માટે રૂ.૫૯,૯૯૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આરોગ્ય ક્ષેત્ર માટે રૂ.૨૩,૩૮૫ કરોડની જોગવાઈ લોકો માટે ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સેવાઓ સુનિશ્ચિત કરશે. મહિલા અને



બાળ વિકાસ માટે રૂ.૭,૬૬૮ કરોડ, પ્રાથમિક શાળાના પૌષ્ટિક ભોજન માટે રૂ.૫૫૧ કરોડ તેમજ ૩ લાખથી વધુ આવાસના નિર્માણ માટે વધારો કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ સને ૨૦૨૫-૨૬ ના વર્ષનું ગુજરાતના વિકાસને વેગ આપનાર તેમજ ગરીબ અને ખેડૂતલક્ષી બજેટ રજૂ કરતા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ તેમનો આભાર વ્યક્ત કર્યો છે.

# વંડા ગામેથી પાંચ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો

**પોલીસે ૧૦૨૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપ્યો**

સાવરકુંડલા, તા.૨૦

વંડા ગામે દેવીપૂજક વાસમાંથી પોલીસે ૫ લીટર પીવાના દેશી દારૂ સાથે યુવકને ઝડપી પાડ્યો હતો. કુરજીભાઈ ધુડાભાઈ પરમાર પાસેથી પાસ પરમીટ વગર પીવાનો ૫ લીટર દેશી દારૂ સહિત ૧૦૨૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપ્યો હતો. અમરેલી લાઠી ચોકડી પરથી એક પુરુષ પાસ પરમીટ વગર કેફી પીણું પીને જાહેરમાં ફરતો મળી આવ્યો હતો. જાફરાબાદમાંથી એક યુવક જોખમી રીતે વાહન ચલાવતાં મળ્યો હતો.

# ચલાલા નગરપાલિકામાં હિંમતભાઈ દોંગાની મહેનત રંગ લાવી: વિપક્ષોના ગણિતને ઉંધુ વાળ્યું

ચલાલા, તા.૨૦

ચલાલા નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ અને આપ બન્નેએ સાથે મળીને ભાજપને બરોબરની ટક્કર આપી હતી. અને નગરપાલિકામાં ૮ થી ૧૦ બેઠકો માટે કાંટાની ટક્કરનું વાતાવરણ સર્જાયું હતું. વોર્ડ નં.૧માં ચૂંટણી લડી રહેલા ભાજપના કદાવર આગેવાન હિંમતભાઈ દોંગાને હરાવવા માટે વિપક્ષો એડી ચોટીનું જોર લગાવી રહ્યા હતા. તેવા સમયે હિંમતભાઈ દોંગાએ મતદારો સુધી પહોંચવા દિવસ-રાત એક કરી દીધા



હતા અને ભાજપને ભવ્ય વિજય અપાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, હિંમતભાઈ દોંગા જયારે નગરપાલિકાના પ્રમુખ તરીકે કાર્યરત હતા ત્યારે તેઓએ કરેલી કામગીરીને લક્ષમાં લઈ ચલાલાની જનતાએ તેમના પર વિશ્વાસ મુક્યો છે. પ્રચાર દરમિયાન તેઓએ સરકારની વિવિધ યોજનાઓને લોકો સુધી પહોંચાડી હતી. ચલાલાની જનતાએ ભારતીય જનતા પાર્ટીને વિજય અપાવ્યો તે બદલ શહેર ભાજપ પ્રમુખ જીતુભાઈ કાથરોટીયા, પૂર્વ પ્રમુખ પ્રવિણભાઈ માલવીયા અને હિંમતભાઈ દોંગાએ આભાર વ્યક્ત કરી લોકોનાં પ્રશ્નો ઉકેલવા ખાતરી આપી છે.

# ડુંગર ગામ પાસે સરકારી બોલેરો ખાળિયામાં ઉતરી ગઈ: જાનહાનિ ટળી

ડુંગર, તા.૨૦

ડુંગર ગામ પાસે સરકારી બોલેરો ખાળિયામાં ઉતરી ગઈ હતી. બનાવ અંગે ડુંગર પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ મહેશભાઈ જેરામભાઈ ખેરાળા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેઓ તથા એ.એસ. આઈ. મગનભાઈ કાળુભાઈ પીછડીયા ડુંગર પોલીસ સ્ટેશનનું સરકારી વાહન બોલેરો P-૧૯૨ રજી નં. GJ-૧૪ GA-૧૩૫૧ લઈને કામની તપાસમાં જોલાપર ગામના પાટીયેથી ડુંગર પોલીસ સ્ટેશનથી પરત આવી રહ્યા હતા તે દરમિયાન ડુંગર-રાજુલા-વિક્ટર ટી-પોઈન્ટથી આગળ ડુંગર તરફ જતા પુલની આગળ ડુંગરથી આશરે ૦૧ કિલોમીટર દુર હતા ત્યારે બોલેરોનો એક સાઈડનો ગુટકો તૂટી જતા સ્ટિયરીંગ પરનો કાબુ જતો રહેતા ડ્રાઈવર સાઈડ ખાળીયામાં ઉતરી ગઈ હતી. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. બોલેરોમાં આશરે રૂ.૫૦,૦૦૦ નું નુકસાન થયું હતું. ડુંગર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એમ.ડી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના પાટી ગામના પાટીયા પાસે ટ્રકની ટક્કરથી એકનું મોત, એક ઘાયલ

**મૃતક સુરતથી સાળીના લગ્ન માટે આવ્યો હતો**

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા પંથકમાં અકસ્માતનો બનાવ બન્યો હતો. સુરતથી સાળીના લગ્ન માટે આવેલા યુવકને અકસ્માત રૂપી કાળ ભરખી ગયો હતો. બનાવ અંગે તાતણીયા ગામના માવજીભાઈ લાખાભાઈ ઢાપા (ઉ.વ.૫૪)એ ટ્રક નં.જીજે-૦૪-વી ૩૦૨૦ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો દીકરો નિલેષભાઈ સુરતથી પોતાનું મોટર સાયકલ સ્પ્લેન્ડર પ્લસ રજી.નં. જીજે-૦૫-એન.એક્સ-૭૩૯૨ વાળુ લઈને મેકડા ગામે પોતાની સાળીના લગ્નમાં આવતો હતો. રસ્તામાંથી પોતાના મિત્ર રોહીત હમીરભાઈ વાળાને સાથે લઈને મેકડા ગામે જતો હતો તે વખતે બપોરના આશરે ત્રણેક વાગ્યાના અરસામાં પાટી ગામના પાટીયા પાસે સામેથી આવતા ટ્રક નં.જીજે-૦૪-વી- ૩૦૨૦ ના ચાલકે પોતાના હવાલાવાળો ટ્રક પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી ચલાવી તેમના દીકરાના બાઈકને ટક્કર મારી હતી. જેમાં તેમના દીકરા નિલેષભાઈનું મોત નિપજાવ્યું હતું અને પાછળ બેઠેલા રોહિતભાઈના હાથ અને પગના ભાગે ફ્રેકચર થયું હતું. વંડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી. ડી.ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# શિવરાત્રીએ સાવરકુંડલાના સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમમાં ૫૦૦થી વધુ લોકો રક્તદાન કરશે

**૫૦૦થી વધુ રક્તદાતા ભાઈઓ-બહેનોએ રક્તદાન માટે નોંધણી કરાવી**

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલામાં જાણીતા સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમ ખાતે મહાશિવરાત્રિના દિને મહારક્તદાન કેમ્પમાં ૫૦૦ બોટલ રક્ત એકત્ર કરાશે. જે માટે નિઃશુલ્ક માનવ સેવા હોસ્પિટલ ટીંબીના લાભાર્થે ૫૦૦ કરતા વધુ યુવા ભાઈ-બહેનોએ રક્તદાન માટે નોંધણી કરાવી છે. આ કેમ્પ ૨૬/૦૨ને બુધવારે સવારે ૮થી બપોરે ૩ કલાક સુધી પૂજ્ય સ્વામીશ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી સત્સંગ આશ્રમ પ્રાગજીભાઈ કથીરીયાની વાડીમાં કલ્યાણ સોસાયટી નવા બસ સ્ટેન્ડ પાછળ મહુવા રોડ સાવરકુંડલા ખાતે યોજાશે. જેમાં સમગ્ર ગુજરાત ઉપરાંત આસપાસના રાજ્યોમાંથી સ્વામી નિર્દોષાનંદજીના સેવકો અને આશ્રમપ્રેમીઓ, શિવભક્તો હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહેશે. રક્તદાન કરવા માટે ૯૯૦૯૨ ૪૧૨૪૨, ૯૪૨૮૩ ૪૦૦૯૬, ૯૪૨૭૪ ૧૨૭૪૮ નંબર પર નામ નોંધાવી શકાશે તેમ આશ્રમ સેવક અમિતગીરી ગોસ્વામીની યાદીમાં જણાવેલ છે.

# અમરેલી જિલ્લામાં અપમૃત્યુના ત્રણ બનાવ નોંધાયા

**ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ. વાઘએ વધુ તપાસ હાથ ધરી**

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાં અપમૃત્યુના ત્રણ બનાવ પોલીસ ચોપડે નોંધાયા હતા. દહીડા ગામે વાડીએ રહેતા મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના અચરડી ફળીયાના ધસમીરભાઈ નવલસિંહભાઈ મોહનીયા (ઉ.વ.૨૨)એ જાહેર કર્યા મુજબ, લલીતાબેન નવલસિંગભાઈ મોહનીયા (ઉ.વ.૧૫)એ ઝેરી દવા પીતા મોત થયું હતું. લીલીયા મોટામાં વાડીએ રહેતા મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરા આંબવા તાલુકાના હિટલા ફળીયુંના રહેવાસી આબાઈબેન હુસૈનભાઈ હિટલા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ હુસેનભાઈ રેમસિંગભાઈ હિટલાનું અગમ્ય કારણોસર મોત થયું હતું. મોતના પગલે પરિવારજનો શોકમગ્ન બની ગયા હતા. ધારીના છતડીયા ગામે રહેતા અનિલકુમાર ગોવિંદભાઈ રાઠોડ (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, જેન્તિભાઈ ડાયાભાઈ રાઠોડ (ઉ.વ.૪૫) એ ઉંધા ગેસની બીમારીથી કંટાળી પોતાની મેળે ઝેરી દવા પી લીધી હતી. જેને લઈ સારવાર અર્થે ખસેડાયા હતા. આ દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

# દામનગરમાં સગીરા સાથે દુષ્કર્મ આચરી માતા-પિતાને જાનથી મારવાની ધમકી આપી

**જિલ્લામાં વધુ ૩ સગીરાનું બદકામના ઇરાદે અપહરણ**

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાંથી વધુ ૩ સગીરાનું બદકામના ઈરાદે અપહરણ કરવામાં આવ્યું હતું. દામનગરમાં રહેતી સગીરા સાથે દુષ્કર્મ આચરી તેના માતા-પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે સગીરાએ રોનક ભાવેશભાઈ કુકવાવા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેને લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી વાલીપણામાંથી લઈ ગયો હતો. ઉપરાંત પોતાના ઘેરે નહી રહે તો તેના માતા-પિતા તથા ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ અવાર-નવાર તેની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચરી આરોપીએ ગાળો આપી, ઝાપટ મારી હતી. દામનગર પોલીસ સ્ટેશનના પીઆઈ આર.વાય. રાવલ વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલાના છાપરી ગામના ધ્રુવિકભાઈ નંદરામભાઈ ગોંડલીયા સામે પણ સગીરાને લલચાવી ફોસલાવી બદકામના ઈરાદે અપહરણ કરવામાં આવ્યું હોવાથી ફરિયાદ નોંધાઈ હતી. અમરેલીના ઈશ્વરીયા ગામે વાડીએ રહેતી મધ્યપ્રદેશના જાબુંઆ જિલ્લાની સગીરાને તેમના જ રાજ્યનો રાધેશ્યામ ધુમસિંહ સિંગાડ લગ્નની લાલચ આપી, ગંદુ કામ કરવાના ઈરાદે ભગાડી ગયો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: આઠમ
તા. ૨૧-૦૨-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૦૦,
સૂર્યાસ્ત-૦૬:૧૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અનુરાધા

## દૈનિક રાશિફળ

**તા.૧૪-૦૨-૨૦૨૫ — શુક્રવાર**

મેષ: આજે તમે શાંત દિવસ પસાર કરશો. આજે કાર્યક્ષેત્રમાં ધંધો કંઈ ખાસ રહેશે નહીં, છતાં આત્મસંતોષની લાગણીને કારણે મન પરેશાન નહીં થાય.

વૃષભ: આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો, તેના પરિણામ ચોક્કસપણે નાણાકીય લાભોના રૂપમાં મળશે.

મિથુન: નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે.

કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ ડીલ રદ થવાની અથવા અન્ય કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો થાય તેવી સંભાવના છે.

સિંહ: આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. તમારે કોઈ ખર્ચાળ કામ કરવા પડશે, જે પારિવારિક સુખ અને શાંતિ માટે જરૂરી રહેશે.

કન્યા: આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. તમારા પરિવારની પ્રતિષ્ઠા વધારવા બદલ તમારા પરિવારના સભ્યોને તમારા પર ગર્વ થશે.

તુલા: આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. આજે તમે ઝડપથી કોઈ પર વિશ્વાસ નહીં કરો. શંકા રાખતા ઘરના સભ્યો સાથે બગાડી શકો છો.

વૃશ્ચિક: આજે સિદ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે. વેપારી વર્ગને આજે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે.

ધન: આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે. તમે જે પણ કાર્ય કરો છો તેની સફળતા શંકાસ્પદ રહેશે, પરંતુ તમને લાભ થતો રહેશે.

મકર: આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો. તમારા નિર્ણયને વળગી નહીં રહો તો જાહેર ક્ષેત્રમાં અથવા પરિવારમાં ટીકાઓનો સામનો કરવો પડી શકે છે.

કુંભ: તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, તેમ છતાં જે કાર્ય કરો છો તેમાં નિશ્ચિત સફળતા મળશે.

મીન: તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. આવક કરતા ખર્ચ વધારે હોઈ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો.


**-//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ અરજી નં.૧૩/૨૦૨૫

**અરજદાર :-** શ્રી ડાબસરા રવજીભાઈ જીવાભાઈ,
રહે.રોકડીયાપરા, પ્રાથમિક શાળા પાછળ,
લીલીયા રોડ, અમરેલી તા/જી-અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી તા/જી-અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં શ્રી ડાબસરા રવજીભાઈ જીવાભાઈ તેમના માતાશ્રી અંબાબેન જીવાભાઈ ડાબસરાની મરણ (તા.૧૪/૦૯/૨૦૦૮)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા. ૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(જી.જી.બાવીસા)
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

**-//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૧૩/૨૦૨૫

**અરજદાર :-** શ્રી કાળુભાઈ વાલજીભાઈ ભવાણી
રહે. નાના ભંડારીયા, તા.જી અમરેલી
અરજદારના વકીલશ્રી દિનેશ એચ.માધડ

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. નાના ભંડારીયાતા.જી.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના ભંડારિયા ગામમાં અરજદાર શ્રી કાળુભાઈ વાલજીભાઈ ભવાણી તેઓના ભાઈ અશ્વિનકુમાર વાલજીભાઈ ભવાણીએ જન્મ (૦૧/૦૮/૧૯૭૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા. ૩૧/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**-//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૨૪/૨૦૨૫

**અરજદાર :-** શ્રી લાખાભાઈ ભીખાભાઈ ધાધલ
રહે. દહીંડા, તા.જિ.અમરેલી.

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. દહીંડા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના દહીંડા ગામમાં અરજદારશ્રી લાખાભાઈ ભીખાભાઈ ધાધલ તેઓના બહેન પ્રેમિલાબેન સોમાભાઈ પરમારની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૫)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા. ૨૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**તંત્રી લેખ**

# દિલ્હીમાં નવી સરકારનો શુભારંભ

૨૬ વર્ષ બાદ દિલ્હીમાં સત્તામાં આવેલ ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાએ શપથ લઈ લીધા છે. ૨૦ ફેબ્રુઆરીના રોજ રામલીલા મેદાનમાં શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો. ૫ ફેબ્રુઆરીના રોજ મતદાન થયું હતું અને ૮ ફેબ્રુઆરીના રોજ પરિણામ જાહેર થયા હતા. જેમાં ભાજપે ત્રણ વખત સરકાર બનાવનાર આમ આદમી પાર્ટીને હરાવીને ૪૮ બેઠકો જીતી છે. જ્યારે છેલ્લી બે ચૂંટણીઓમાં ભાજપ માત્ર ૩ અને ૮ બેઠકો સુધી જ સીમિત રહી હતી. છેલ્લી ચૂંટણીમાં ૬૨ બેઠકો જીતનાર "આપ" આ વખતે માત્ર ૨૨ બેઠકો જ જીતી શકી છે. પર્યવેક્ષક ઓપી ધનખડ અને રવિશંકર પ્રસાદની અધ્યક્ષતામાં દિલ્હી સ્થિત ભાજપ કાર્યાલયમાં ભાજપના ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. જેમાં પ્રવેશ વર્મા, વિજેન્દ્ર ગુપ્તા સહિતના ભાજપના ધારાસભ્યો અને નેતાઓ પણ હાજર રહ્યા હતા. દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો આવ્યાને ૧૧ દિવસ થઈ ગયા બાદ ભાજપે રાજધાનીમાં પોતાના આગામી મુખ્યમંત્રી ચહેરાની જાહેરાત કરી હતી. દિલ્હીના આગામી મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાની પસંદગી કરવામાં આવી હતી. રેખા ગુપ્તાએ મુખ્યમંત્રી તરીકે અને ૬ ધારાસભ્યોએ મંત્રી તરીકે શપથ લીધા જેમાં પ્રવેશ વર્માનો પણ સમાવેશ થાય છે. આશિષ સૂતને પણ મંત્રી બનાવાયા છે, મનજિન્દર સિંહ સિરસા, પંકજ સિંહે પણ મંત્રી તરીકે શપથ લીધા હતા, કપિલ મિશ્રા અને આ સિવાય રવિન્દ્ર રાજે પણ મંત્રી તરીકે શપથ લીધા હતા. પ્રવેશ વર્માએ નવી દિલ્હી બેઠક પર મોટી જીત નોંધાવી હતી, આ સિવાય મનજિંદર સિંહ સિરસા રાજૌરી ગાર્ડનથી ધારાસભ્ય છે, કપિલ મિશ્રા કરાવલ નગરથી, રવિન્દ્ર ઈન્દરાજ બવાનાથી જીત્યા છે. આશિષ સૂજનકપુરીથી ધારાસભ્ય છે. આ ઉપરાંત પંકજ સિંહ બવાનાથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. ગઈકાલે રેખા ગુપ્તાએ બપોરે ૧૨.૩૫ વાગ્યે રામલીલા મેદાનમાં દિલ્હીના નવમા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. કોણ છે દિલ્હીના નવા મુખ્યમંત્રી રેખા ગુપ્તા? તે વિશે લોકો google પર સૌથી વધુ સર્ચ કરી રહ્યા છે. દિલ્હીના નવા સીએમના ૫ પ્લસ પોઈન્ટ છે. જેનાથી ભાજપની પહેલી પસંદ બન્યા છે. ભાજપે દિલ્હીના નવા મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાની પસંદગી કરી છે તો સહેજે સવાલ થાય કે આખરે રેખા ગુપ્તા કોણ છે ? દિલ્હીના નવા મુખ્યમંત્રી રેખા ગુપ્તાના ૫ એવા પ્લસ પોઈન્ટ છે જેને કારણે તેઓ ભાજપના સીએમ તરીકે પસંદ થયા છે. આ રહ્યાં પાંચ પ્લસ પોઈન્ટ. આરએસએસે રેખા ગુપ્તાને સીએમ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો જેને ભાજપે સ્વીકારી લીધો હતો, તેઓ સંઘના જુના કાર્યકર છે, સંઘની નજીક હોવું એ તેમનો પહેલો પ્લસ પોઈન્ટ છે. રેખા ગુપ્તા વૈશ્ય સમાજના છે અને દિલ્હીમાં વૈશ્ય સમાજની ઘણી વસતી છે, તેથી ભાજપે સમાજને સાધવાની કોશિશ કરી છે. રેખા ગુપ્તાને દક્ષિણ દિલ્હીનો ઘણો અનુભવ છે. તેઓ દિલ્હીના મેયર રહી ચૂક્યાં છે અને હાલમાં દિલ્હી ભાજપના ઉપાધ્યક્ષ અને મહિલા મોરચાના ઉપાધ્યક્ષ છે. હાલમાં ભાજપ શાસિત રાજ્યોના કોઈ મહિલા સીએમ નથી, તેથી દિલ્હીમાં પહેલા મહિલા સીએમ બનાવાયાં છે. રેખા ગુપ્તા પીએમ મોદી અને અમિત શાહની ગુડ બુકમાં છે.

# એપલનો આધુનિક સ્માર્ટફોન સુપર કોમ્પ્યુટર જેવો છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



સમયની સાથે પરિવર્તન થયા કરે છે એમાંય મોબાઈલ ફોનની ટેકનોલોજી સુપરફાસ્ટ સ્પીડમાં વિકસિત થઈ રહી છે. જેનો સતત અભ્યાસ કરવા છતાં પણ માણસ પાછળ રહી જાય એવું બને છે. રોજ સૂરજ ઉગે અને નિત નવા મોબાઈલ ફોન બજારમાં આવી ગયા હોય છે. તમે આજે જે નવા ફોન છે તે ખરીદો છો તે સપ્તાહ પછી આઉટ ઓફ ડેટ બની શકે છે! એનો અર્થ એવો નથી કે તમારો હાલનો ફોન નકામો થઈ ગયો છે પરંતુ જે આધુનિક ફોન આવે છે તેમાં એવી ટેકનોલોજી આવતી જાય છે.

જેને કારણે અગાઉ ખરીદેલો તમારો ફોન બજારમાં નવા આવેલા નવા ફોનની સરખામણીએ જુનવાણી લાગે. આથી જ મોબાઈલની ઈન્ડસ્ટ્રીઝ સૌથી વધુ ગ્રોથ કરી રહી છે. આજે આપણે એપલના એક નવા ફોનના મોડેલ વિશે જાણકારી મેળવીએ. આ ફોન આધુનિક છે. દરેક વ્યક્તિ એવું માને છે કે આવો ફોન મારી પાસે હોવો જોઈએ પરંતુ તમારા ખિસ્સામાં અત્યારે જે પણ ફોન પડ્યો છે તેની ટેકનોલોજી ઓલ્ડ નથી થઈ ગઈ કારણ કે તમારી પાસે જે ફોન છે તેનો તમે માત્ર ૫૦% ઉપયોગ કરતા હોવ તો તમે ઘણો સારો ઉપયોગ કરો છો એમ માનજો આથી નવા ફોનની ખરીદી માટે બજારમાં દોડવાની જરૂર નથી કે ઓનલાઈન ઓર્ડર આપવાની જરૂર નથી. જો આવું કરશો તો તમારે મહિનામાં બે વખત નવા ફોન ખરીદવા પડશે જે આજે પોસાય તેમ નથી માટે તમારા ખિસ્સામાં જે ફોન છે તેનો ઉપયોગ કરો. આપણામાં કહેવત છે કે 'જૂનું એટલું સોનુ'. તમારો ફોન તમને ઓપરેટ કરતા ફાવી ગયો છે. એનાથી જ તમે સારી રીતે કામ કરી શકો છો. નવો ફોન ખરીદશો તો તમારે નવી ટેકનોલોજી, નવી સિસ્ટમ સમજવા માટે ખૂબ જ બ્રેઈન લગાવવું પડશે. ખૂબ જ જહેમત ઉઠાવ્યા પછી પણ તમે તેનો ૧૦૦% ઉપયોગ નહીં કરી શકો તે હકીકતનો સ્વીકાર કરવો જરૂરી છે. આમ છતાં ચાલો આપણે એપલના આધુનિક નવા ફોનની ટેકનોલોજીને સમજવાનો પ્રયાસ કરીએ.

ફોનમાં નવા વર્ઝન આવે છે. ટેકનોલોજી અપગ્રેડ થાય છે. આ ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું છે, અને ક્વોલકોમ કદાચ નવેમ્બર ૨૦૨૦ માં જ્યારે એપલે M1 ચિપ રજૂ કરી ત્યારે ઈન્ટેલે જે કર્યું હતું તે અનુભવી રહ્યું હશે. લગભગ એક વર્ષના સમયગાળામાં, વિસ્તૃત મેક અને આઈપેડ પોર્ટફોલિયો બધા એપલ સિલિકોનમાં સ્વિચ થઈ ગયા, અને ઈન્ટેલે મેક વ્યવસાયને કાયમ માટે ગુમાવી દીધો. સારા કારણોસર, કારણ કે M-શ્રેણી ચિપ્સે પ્રતિ વોટ પ્રદર્શન સહિત વિવિધ બેન્ચમાર્ક સેટ કર્યા. Apple iPhone 16e, ખરેખર કોમ્પેક્ટ iPhone (iPhone SE ૨૦૨૨ માં રિલીઝ થયો હતો અને iPhone ૧૩ mini ૨૦૨૧ માં), એપલના પોતાના સેલ્યુલર મોડેમનો યુગ શરૂ કરે છે. C1 મોડેમ iPhone 16e માં Qualcomm ની ચિપ્સને બદલે છે, જેની કિંમત રૂ.૫૯,૯૦૦ થી શરૂ થશે. iPhone 16e ની કિંમતો રૂ.૫૯,૯૦૦ થી શરૂ થાય છે.

iPhone 16e એક નવી નામકરણ યોજના રજૂ કરે છે, તે તાર્કિક રીતે પાછલી પેઢીના iPhone SE ને બદલે iPhone 13 mini નો અનુગામી છે. અલબત્ત, નામકરણ છે, જે વર્તમાન iPhone 16 પેઢીનો સંદર્ભ આપે છે, જે તે લાઈનઅપને વિસ્તૃત કરે છે. બીજું, ૬.૧-ઈંચ સ્ક્રીન કદ (સ્ક્રેચ પ્રતિકાર માટે સિરામિક શિલ્ડ કોટિંગ સાથે) iPhone 13 mini ની ૫.૪-ઈંચ સ્ક્રીન કરતાં અપગ્રેડ છે અને ખરેખર છેલ્લા જાણીતા iPhone SE ની ૪.૭-ઈંચ રીઅલ એસ્ટેટ નથી. પછી, iPhone 16 અને iPhone 16 Plus સાથે પ્રોસેસર સમાનતા છે, જેમાં ૩-નેનોમીટર A૧૮ ચિપ છે. કોઈ એવી દલીલ કરી શકે છે કે iPhone 16 માં પહેલાથી જ ૬.૧-ઈંચની સ્ક્રીન છે, પરંતુ તે જ જગ્યાએ અન્ય સ્પેક્સ કિંમત અને માનવામાં આવતા મૂલ્યને પ્રભાવિત કરે છે. "iPhone 16e માં iPhone 16 લાઈનઅપ વિશે વપરાશકર્તાઓને ગમતી સુવિધાઓનો સમાવેશ થાય છે, જેમાં પ્રગતિશીલ બેટરી લાઈફ, નવીનતમ પેઢીની A૧૮ ચિપ દ્વારા સંચાલિત ઝડપી પ્રદર્શન, એક નવીન ૨-ઈન-૧ કેમેરા સિસ્ટમ અને Apple Intelligenceનો સમાવેશ થાય છે," Apple ના વર્લ્ડવાઈડ iPhone પ્રોડક્ટ માર્કેટિંગના વાઈસ પ્રેસિડેન્ટ કૈઆન ડ્રાન્સ કહે છે.

**એક સમયે વજનદાર, ખિસ્સામાં સમાય નહી તેવા મોબાઇલ ફોન આવતા હતા જ્યારે આજે એપલનો જે નવો ફોન બજારમાં આવી રહ્યો છે તે સુપર કોમ્પ્યુટર જેવો છે તેની ટેકનીકલ વિગતો જાણવા જેવી છે.**

**Apple iPhone 16e** સુવિધાઓ :- Apple કહે છે કે A૧૮ ચિપ સાથેનો iPhone 16e પાછલી પેઢીના iPhone SE માં ૫-નેનોમીટર A૧૫ બાયોનિક કરતાં લગભગ ૪૦% ઝડપી છે—અને તે iPhone 13 મિનીની તુલનામાં સમાન પ્રદર્શન સુધારો દર્શાવશે, જેમાં સમાન ચિપનો ઉપયોગ થતો હતો. iPhone 16e માં, A૧૮ માં ૨ પર્ફોર્મન્સ કોર અને ૪ કાર્યક્ષમતા કોર સાથે 6-કોર CPU, હાર્ડવેર-એક્સિલરેટેડ રે ટ્રેસિંગ સાથે ૪-કોર GPU (ગેમિંગ માટે એક મહત્વપૂર્ણ અપગ્રેડ), અને ૧૬-કોર ન્યુરલ એન્જિન છે જે Apple Intelligence અનુભવ માટે કેન્દ્રિય છે.


તે નોંધ ૧૨, Apple ફરીથી પુષ્ટિ કરે છે કે એપ્રિલમાં, Apple Intelligence અંગ્રેજી (ભારત), તેમજ અંગ્રેજી (સિંગાપોર), ફ્રેન્ચ, જર્મન, ઈટાલિયન, જાપાનીઝ, કોરિયન, સ્પેનિશ, ચાઈનીઝ (સરળ) અને પોર્ટુગીઝ (બ્રાઝિલ) સહિત વધુ ભાષાઓને સમાવવા માટે મૂળ ભાષા સપોર્ટનો વિસ્તાર કરશે. Apple એ પણ પુષ્ટિ કરે છે કે એપ્રિલમાં, વપરાશકર્તાઓ પ્રાથમિક iPhone ભાષાને બહુવિધ ભારતીય ભાષાઓમાં અપડેટ કરી શકશે - બંગાળી, ગુજરાતી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઉડિયા, પંજાબી, તમિલ, તેલુગુ અથવા ઉર્દૂ. iPhone 16e માં iPhone 16 અને iPhone 16 Pro મોડેલો પર હાજર કેમેરા કંટ્રોલ કી ન હોવાથી, Apple Intelligence ની ઝડપી ઍક્સેસ એક્શન કીમાં સંકલિત છે. મિટિંગમાં પ્રવેશતી વખતે તમારે AI સુવિધાઓ માટે તેનો ઉપયોગ કરવો પડશે અથવા રિંગ અને સાયલન્ટ મોડ્સ વચ્ચે ઝડપથી ટૉગલ કરવું પડશે. અન્ય વિકલ્પોમાં ઝડપી કેમેરા ઍક્સેસ, ફ્લેશલાઈટ, અનુવાદક, વૉઈસ મેમો અને મેગ્નિફાયરનો સમાવેશ થાય છે.

iPhone 16e કેમેરા સિંગલ કેમેરા અમલીકરણ ચાલુ રહે છે, જેમ કે જીઈ-સિરીઝ ફોન માટે લાક્ષણિક છે, પરંતુ Apple આગ્રહ રાખે છે કે આ ટુ-ઈન-વન કેમેરા સિસ્ટમ છે. ૪૮-મેગાપિક્સલ ફ્યુઝન કેમેરા ફોટો રિઝોલ્યુશન માટે પરવાનગી આપે છે જે પાછલી પેઢી કેપ્ચર કરી શકે તેના કરતા બમણા ઊંચા છે. તમારી પાસે ૪૮-મેગાપિક્સલ ફોટા લેવાનો વિકલ્પ પણ છે. 2x ટેલિફોટો ઝૂમ ફોટા માટે સંકલિત છે, જે બીજા ભૌતિક ટેલિફોટો સેન્સરની જરૂરિયાતને દૂર કરે છે. iPhone 16 શ્રેણી સાથે વધુ સમાનતા સ્પષ્ટ છે કારણ કે iPhone 16e અવકાશી ઓડિયો સાથે 4K વીડિયો રેકોર્ડ કરી શકે છે, વીડિઓઝ કેવી રીતે અવાજ કરે છે તે બદલવા માટે ઈન-ફ્રેમ, સ્ટુડિયો અને સિનેમેટિક ઓડિયો મિક્સ વિકલ્પો સાથે. આ સૌથી સસ્તા iPhone માં અત્યાર સુધીની સૌથી બહુમુખી કેમેરા સિસ્ટમ હોવી જોઈએ. સેલ્યુલર મોડેમ ટ્રાન્ઝિશન પર પાછા ફરવું મહત્વપૂર્ણ છે. આઈફોન રિફ્રેશ સાયકલ સામાન્ય રીતે મેકની તુલનામાં ઘણું સરળ હોય છે તે ધ્યાનમાં લેતા, આગામી પેઢીના આઈફોન આ વર્ષના અંતમાં આવે ત્યારે આપણે ક્વોલકોમનું હાર્ડવેર ગુમાવી શકીએ છીએ. કારણ એ છે કે એપલ માને છે કે તેઓ જે અનુભવો આપવાનો પ્રયાસ કરી રહ્યા છે તેને હેતુ-નિર્મિત ટેકનોલોજીની જરૂર છે.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૧ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૬૦૨ | ૬૫૮ |
| ઘઉં ટુકડા | ૬૦૫ | ૭૧૧ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૯૯૯ |
| બાજરી | ૪૯૦ | ૪૯૦ |
| તુવેર | ૧૨૪૦ | ૧૫૧૦ |
| ચણા પીળા | ૯૪૫ | ૧૦૮૮ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૦૭૫ |
| અડદ | ૧૩૧૦ | ૧૫૭૦ |
| મગ | ૧૦૯૦ | ૧૯૦૦ |
| વાલ દેશી | ૮૮૦ | ૧૩૧૦ |
| ચોળી | ૧૨૯૯ | ૧૭૩૦ |
| મઠ | ૮૨૦ | ૧૧૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૨૧૫૦ |
| કળથી | ૭૨૫ | ૭૨૫ |
| સીંગદાણા | ૧૩૧૪ | ૧૩૬૮ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૨૮ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૧૮૦ |
| તલી | ૧૯૮૨ | ૨૧૦૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૩૬ |
| અજમો | ૧૫૩૦ | ૧૮૨૫ |
| સોયાબીન | ૬૮૦ | ૭૪૨ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૩૨૫ |
| કાળા તલ | ૩૩૫૦ | ૪૫૦૦ |
| લસણ | ૯૫૦ | ૧૪૫૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૮૫૧ |
| મરચા સુકા | ૯૦૦ | ૨૧૫૦ |
| ધાણી | ૧૨૫૦ | ૨૬૦૦ |
| વરીયાળી | ૧૨૨૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૩૪૬૦ | ૪૧૩૦ |
| રાય | ૧૦૫૦ | ૧૩૩૭ |
| મેથી | ૯૦૦ | ૧૨૧૭ |
| અશેરીયો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાયડો | ૯૮૦ | ૧૧૧૫ |
| ગુવારનું બી | ૯૨૫ | ૯૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૧૧૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૪૫૦ |
| બટેટા | ૧૬૦ | ૨૫૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૪૩૧ |
| ટમેટા | ૪૦ | ૧૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| સકરીયા | ૫૦૦ | ૭૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦ | ૬૦ |
| ફ્લાવર | ૧૨૦ | ૨૧૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| ટીંડોળા | ૮૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૩૦૦ | ૮૫૦ |
| તુરીયા | ૪૦૦ | ૭૦૦ |
| પરવર | ૧૬૦૦ | ૨૦૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૩૦૦ | ૬૦૦ |
| તુવેરસીંગ | ૩૩૦ | ૬૨૦ |
| ગલકા | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૧૦૦ | ૨૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૫૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૧૦૦ | ૨૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૬૫૦ | ૧૦૫૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૩૦ | ૧૦૫૮ |
| ગીરનાર શિંગ | ૧૦૯૪ | ૧૦૯૬ |
| શિંગ મોટી | ૮૭૦ | ૧૧૦૧ |
| શિંગદાણા ફાડા | ૯૭૦ | ૧૨૮૧ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૨૮૨ |
| તલ કાળા | ૩૪૦૦ | ૪૬૫૦ |
| બાજરો | ૫૫૬ | ૭૨૦ |
| જુવાર | ૫૬૦ | ૧૦૯૦ |
| ઘઉં ટુકડા | ૫૬૭ | ૭૦૧ |
| ઘઉં લોકવન | ૫૭૯ | ૬૬૮ |
| મગ | ૧૯૪૦ | ૧૯૪૦ |
| અડદ | ૧૦૯૫ | ૧૨૮૪ |
| ચણા | ૮૮૮ | ૧૦૭૯ |
| તુવેર | ૯૧૨ | ૧૪૫૨ |
| કપાસ | ૧૦૩૦ | ૧૪૮૬ |
| એરંડા | ૧૧૯૦ | ૧૨૧૫ |
| જીરૂ | ૧૮૭૫ | ૪૦૫૦ |
| રાયડો | ૮૬૫ | ૧૦૩૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૭૨૦ |
| અજમા | ૧૩૬૦ | ૧૯૫૦ |
| સોયાબીન | ૬૦૫ | ૭૭૮ |
| મરચા લાંબા | ૩૬૦ | ૨૭૫૦ |
| કાંગ | ૫૭૦ | ૮૧૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| રીંગણાં | ૨૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૧૦ |
| કોબીજ | ૬૦ | ૧૦૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૭૦ | ૧૨૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૨૪૦ |
| દૂધી | ૧૦૦ | ૧૫૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મુળા | ૧૬૦ | ૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૩૫૦ | ૪૦૦ |
| ચોળા લીલાં | ૫૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૭૦૦ |
| આમળા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ચણાં લીલા | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| તુવેર | ૭૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૨૫૦ | ૩૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૬૦ | ૨૦૦ |
| સરગવો | ૪૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૨૧૦ | ૩૪૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| મરચા લાલ | ૨૦૦ | ૬૫૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૬૫૦ |
| ડુંગળી સૂકી | ૨૨૦ | ૫૫૦ |
| લસણ લીલુ | ૫૦૦ | ૮૦૦ |
| લસણ સુકુ | ૨૨૦ | ૫૬૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૩૦૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૪૫૧ |
| ઘઉં લોકવન | ૫૭૬ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૪૯૧ | ૭૧૬ |
| મગફળી જીણી | ૭૦૦ | ૧૧૨૧ |
| સિંગદાણા જાડા | ૧૧૪૧ | ૧૨૯૧ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૨૪૧ |
| એરંડા / એરંડી | ૧૦૮૧ | ૧૨૬૬ |
| જીરૂ | ૩૨૭૬ | ૩૯૬૧ |
| ક્લંજી | ૨૦૫૧ | ૩૩૦૧ |
| વરીયાળી | ૮૦૦ | ૮૦૦ |
| ધાણા | ૮૦૧ | ૧૪૮૧ |
| લસણ સુકું | ૪૫૧ | ૧૨૭૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૫૨૬ |
| અડદ | ૪૫૧ | ૧૬૫૧ |
| તુવેર | ૯૦૧ | ૧૫૩૧ |
| રાયડો | ૧૦૪૧ | ૧૦૪૧ |
| મેથી | ૮૯૧ | ૯૫૧ |
| કાંગ | ૬૫૧ | ૮૨૧ |
| સુરજમુખી | ૨૪૧ | ૨૪૧ |
| મગફળી જાડી | ૬૫૦ | ૧૧૦૧ |
| નવા ધાણા | ૮૦૧ | ૨૩૨૬ |
| નવી ધાણી | ૧૦૦૧ | ૩૯૦૧ |
| નવું જીરૂ | ૩૩૫૧ | ૪૩૨૧ |
| નવું લસણ | ૫૯૧ | ૧૩૬૧ |
| સફેદ ચણા | ૯૦૧ | ૧૫૦૧ |
| તલ - તલી | ૧૮૫૧ | ૨૫૦૧ |
| ધાણી | ૯૦૧ | ૧૫૩૧ |
| ડુંગળી સફેદ | ૧૮૧ | ૨૭૧ |
| જુવાર | ૭૯૧ | ૯૨૧ |
| મગ | ૧૦૩૧ | ૧૭૨૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૯૧ |
| વાલ | ૩૫૧ | ૧૨૦૧ |
| સોયાબીન | ૫૫૦ | ૭૭૬ |
| ગોગળી | ૭૨૧ | ૮૫૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૧૧ | ૧૦૬૧ |
| શીંગ મોટી | ૧૦૨૫ | ૧૧૨૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૦૨૫ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૨૦૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૪૮ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૬૪૧ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૪૦ |
| બાજરો | ૪૮૦ | ૫૫૦ |
| જુવાર | ૪૫૦ | ૮૭૫ |
| અડદ | ૮૦૧ | --- |
| ચણા | ૯૫૦ | ૧૦૯૦ |
| દેશી ચણા | ૧૩૫૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૬૮ |
| તુવેર લાલ | ૧૨૦૦ | ૧૪૬૮ |
| એરંડી | ૧૧૫૦ | ૧૨૦૪ |
| ધાણા | ૧૨૫૦ | ૨૨૭૫ |
| સોયાબીન | ૭૧૦ | ૭૬૮ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૫ | ૧૪૯૮ |
| કપાસ મીડીયમ | ૧૨૭૦ | ૧૩૯૦ |
| મગફળી જી ૨૦ | ૧૦૧૨ | ૧૦૫૮ |
| મગફળી બી.ટી. | ૯૮૬ | ૧૦૦૪ |
| ઘઉં | ૫૧૭ | ૬૭૩ |
| ચણા | ૧૦૪૮ | ૧૦૮૨ |
| તુવેર | ૧૨૪૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૨૨૫ | ૩૫૭૫ |
| ધાણા | ૧૨૬૦ | ૧૪૧૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૦૧ |
| ચણા | ૧૦૬૬ | ૧૧૬૬ |
| જુવાર | ૧૦૧૦ | ૧૦૧૦ |
| સોયાબીન | ૭૫૦ | ૭૫૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૩૨૦ |
| તુવેર | ૯૮૦ | ૧૩૬૫ |
| જુવાર | ૧૦૧૦ | ૧૦૧૦ |
| રાય | ૯૦૦ | ૯૦૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| અજમાં | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ચણા છોલે | ૧૯૦૦ | ૧૯૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૧૦ | ૧૩૮૧ |
| મગફળી | ૯૩૧ | ૧૦૨૫ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| સફેદ તુવેર | ૧૨૭૫ | ૧૩૩૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલ કાળા | ૩૬૫૦ | ૩૬૫૦ |
| શીંગ દાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૨૨૩ | ૧૨૨૩ |
| અડદ | ૧૪૩૧ | ૧૪૩૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૩૧ | ૧૪૭૫ |
| મગફળી | ૧૦૦૨ | ૧૦૧૧ |
| તુવેર | ૧૨૪૬ | ૧૩૬૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૫૧ |
| ચણા | ૯૭૫ | ૧૦૪૮ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૯૬ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૧ |
| ચણા | ૮૦૦ | ૧૦૮૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૨૬ |
| મગફળી | ૭૦૦ | ૯૭૬ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૨૦૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૮૨૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૫૧ |
| સોયાબીન | ૫૦૧ | ૭૭૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૯૦ | ૧૦૭૦ |
| મગફળી ૩૨ નં. | ૯૧૧ | ૧૦૦૮ |
| બાજરી હાઈબ્રીડ | ૪૭૦ | ૬૦૫ |
| ઘઉં | ૪૭૨ | ૬૫૬ |
| રાઈ | ૯૭૦ | ૧૧૫૪ |
| રાયડો | ૯૦૦ | ૧૦૨૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૨૨ |
| જુવાર | ૬૦૦ | ૧૦૫૬ |
| ચણા | ૮૭૦ | ૧૦૮૨ |
| સોયાબીન | ૭૨૧ | ૭૮૭ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૬ |
| કપાસ | ૧૧૮૦ | ૧૪૩૯ |
| કાંગ | ૪૨૧ | ૫૬૪ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૯૭૦ | ૧૦૩૭ |
| શીંગ ૩૯ | ૯૨૫ | ૧૦૩૨ |
| શીંગ જી-૨૦ | ૯૭૦ | ૧૦૮૬ |
| જુવાર | ૪૨૧ | ૯૭૮ |
| બાજરી | ૫૮૯ | ૬૩૧ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૭૧૧ |
| મકાઇ | ૬૦૧ | ૬૦૧ |
| અડદ | ૧૬૧૫ | ૧૬૧૫ |
| મગ | ૧૦૦૦ | ૧૯૩૬ |
| મેથી | ૧૦૨૭ | ૧૦૨૭ |
| સોયાબીન | ૭૩૯ | ૭૬૩ |
| ચણા | ૮૦૮ | ૧૩૪૧ |
| તલ સફેદ | ૧૬૦૧ | ૨૧૦૯ |
| તલ કાળા | ૨૩૪૬ | ૨૩૪૬ |
| તુવેર | ૧૨૧૦ | ૧૪૫૪ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૪૩૦ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૫૧૩ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૫૦૨ |
| કપાસ શંકર | ૧૦૦૨ | ૧૩૭૦ |
| નાળીયેર | ૫૮૦ | ૩૪૦૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૩૩૯ | ૧૪૫૮ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૮૦ | ૮૬૦ |
| બાજરો | ૪૮૦ | ૬૨૦ |
| ઘઉં | ૫૫૦ | ૬૭૩ |
| મગ | ૧૧૮૦ | ૧૭૭૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૧૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૧૦ |
| ચણા | ૧૦૪૪ | ૧૦૭૯ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૦૪૫ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૪૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૨૫ |
| રાયડો | ૯૫૦ | ૧૦૬૬ |
| લસણ | ૫૦૦ | ૧૧૯૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૪૫ |
| જીરૂ | ૨૯૦૦ | ૪૦૦૫ |
| અજમો | ૨૦૨૫ | ૪૨૪૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૬૧૫ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૫૧૫ |
| મરચા સૂકા | ૬૧૦ | ૩૨૧૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૭૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૦૨૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૭૦ | ૧૦૬૦ |
| તલ પીળા | ૨૪૦૦ | ૨૪૫૪ |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૭૩ |
| બાજરો | ૪૫૦ | ૫૮૭ |
| ઘઉં ટુકડા | ૫૭૩ | ૭૦૧ |
| જુવાર | ૫૩૨ | ૧૦૦૧ |
| મગ | ૧૯૨૬ | ૧૯૨૬ |
| અડદ | ૧૧૫૨ | ૧૧૫૨ |
| તુવેર | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૮૧ |
| જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| એરંડી | ૧૧૭૨ | ૧૧૭૨ |
| ધાણા | ૧૪૨૬ | ૧૪૨૬ |
| સોયાબીન | ૭૪૫ | ૭૪૫ |

## શબ્દ સંજોગ-૧૯૫૪



**આડી ચાવી :**
(૧) દુઃખ દેવુ, પજવવુ (૫)
(૫) એક સુગંધી પદાર્થ (૩)
(૭) એક જાતના ચોખા (૪)
(૯) કમ્મર, કેડ (૩)
(૧૧) એક કાંટાળી વનસ્પતિ (૨)
(૧૨) એક વિદેશી દારૂ (૨)
(૧૪) કિંવા, કાંતો (૧)
(૧૫) શાહીના ખડિયાનો ડૂચો-દાટો (૪)
(૧૭) મનુષ્ય તરીકેની જિંદગી (૩)
(૨૦) શૂર, પરાક્રમી (૨)
(૨૧) પાસે, નજીક (૨)
(૨૩) પતિ, ધણી (૨)
(૨૫) ભય, બીક (૨)
(૨૭) તૃપ્ત, તરપાયેલુ (૩)
(૨૮) તાબે, આધીન (૨)
(૩૦) ચૈત્ર સુદ-૧૧ એટલે...એકાદશી (૩)
(૩૧) રખડતું, સંભાળ વિનાનું (૨)
(૩૨) અક્ષયકુમાર, બોબી, બિપાશા, કરીનાની ફિલ્મ (૪)
(૩૩) પાસે, નિકટ (૩)

**ઉભી ચાવી :**
(૧) કઠણ, આકરું (૩)
(૨) વાટ, રાહ (૩)
(૩) બંદૂકની નાળમાં દારૂ ઠાંસવા માટે વપરાતો સળિયો (૨)
(૪) રસોડામાં વપરાતુ એક સાધન (૩)
(૬) કાશી, વારાણસી (૪)
(૮) રંગ (આ-અ) (૩)
(૧૦) કાવ્યનો એક પ્રકાર (૪)
(૧૩) ગલપટા જેવું વિલાયતી ઢબનું એક વસ્ત્ર (૪)
(૧૬) આસક્તિ, અનુરાગ (૨)
(૧૮) માટીની ભીંતનું નાનુ ઘર (૩)
(૧૯) તદન, સાવ (૨)
(૨૨) ...એ મહાદાન (૪)
(૨૩) ભેદ, અભાવ (૪)
(૨૪) સોબત તેવી..... (અ) (૩)
(૨૬) કપનો સાથીદાર (૩)
(૨૯) ધૂળ, કસ્તર (૨)

## શબ્દ સંજોગ-૧૯૫૩ જવાબ

**આડી ચાવી:** (૧) સમય (૩) લેસન (૬) બર (૭) પેટ (૯) ખખરો (૧૧) ડણક (૧૩) હેમંત (૧૪) સજલ (૧૬) કબીર (૧૭) શું (૧૯) કર્ક (૨૧) રૌરવ (૨૩) સટીક (૨૫) થાપો (૨૭) વર્ણ (૨૮) શઠ (૩૦) તનું (૩૧) ઠળિયો (૩૨) ખુદ.

**ઉભી ચાવી:** (૧) સબડકો (૨) મરણ (૪) સખતળી (૫) નખ (૮) ટહેલ (૧૦) રોહિણી (૧૨) કસબી (૧૫) જર (૧૬) કર્કટી (૧૮) સૌરવ (૧૯) કસરત (૨૦) વ્યથા (૨૨) વર્ણભેદ (૨૪) કશ (૨૬) પોઠિયો (૨૯) ઠઠ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગોંડલમાં બે માળનું મકાન ધરાશાયી, મહિલાનું મોત, બે ઘાયલ

ગોંડલ, તા.૨૦




ગોંડલના સહજાનંદનગર વિસ્તારમાં વહેલી સવારે બે માળનું મકાન ધડાકાભેર ધરાશાયી થતાં એક મહિલાનું મોત નિપજ્યું છે, જ્યારે બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ફાયર બ્રિગેડની ટીમે ચાર કલાકની જહેમત બાદ કાટમાળમાંથી ઘાયલોને બહાર કાઢી સારવાર માટે ખસેડ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, રેલવે સ્ટેશન ચોકમાં પાનનો ગલ્લો ચલાવતા સુનિલભાઈ આશાનંદ વરધાણી (ઉ.વ. ૫૦)નું સહજાનંદનગર ગરબી ચોકના ખૂણે આવેલું બે માળનું મકાન સવારે સાત વાગ્યે અચાનક ધરાશાયી થયું હતું. મકાનમાં સૂતેલા સુનિલભાઈ, તેમનાં પત્ની ઉષાબેન (ઉ.વ. ૪૦) અને માતા નીતાબેન (ઉ.વ. ૭૦) કાટમાળ નીચે દબાઈ ગયા હતા. જેમાં ઉષાબેનનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું, જ્યારે સુનિલભાઈ અને તેમનાં માતાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ફાયર ટીમે ચાર કલાકનું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી ઈજાગ્રસ્ત માતા-પુત્રને કાટમાળમાંથી બહાર કાઢ્યા હતા. મકાન સંપૂર્ણપણે જમીનદોસ્ત થઈ ગયું હતું, જેથી દિવાલો અને છતને કટરથી કાપવા પડ્યા હતા અને ક્રેઈન તથા જેસીબી દ્વારા દૂર ખસેડાયા હતા.

### કોન્ટ્રાક્ટરની સલાહ અવગણવી ભારે પડી

જમીનદોસ્ત થયેલા મકાનમાં ઉપરના માળે સુનિલભાઈ અને તેમનો પરિવાર રહેતો હતો, જ્યારે નીચેના માળે તેમના નાનાભાઈ કમલેશભાઈ પરિવાર સાથે રહેતા હતા. મકાનના રિનોવેશનનું ત્રણ દિવસ પહેલાં કામ કરનાર કોન્ટ્રાક્ટર હિતેશભાઈ ટાંકે જણાવ્યું કે, "મકાનમાં પ્લાસ્ટર તોડવાનું કામ ચાલી રહ્યું હતું. મકાન જૂનું હોવાથી છથી સાત ટેકા-ચોકા માર્યા હતા. મેં સુનિલભાઈને કહેલું કે કામ ચાલુ હોય ત્યારે પરિવારનું રહેવું યોગ્ય નથી, તેમ છતાં સુનિલભાઈ રાત્રે રોકાયા હતા, જ્યારે તેમના ભાઈ કમલેશભાઈ પરિવાર સાથે અન્ય સ્થળે રહેવા ચાલ્યા ગયા હતા."

# ગુજરાત બજેટ, "વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણનું": મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા.૨૦



ગુજરાતના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરાયેલા ૨૦૨૫-૨૬ના બજેટને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસપ્રધાન અને જનકલ્યાણકારી ગણાવ્યું છે. બજેટમાં વિકસિત ગુજરાત ફંડ માટે રૂ. ૫૦ હજાર કરોડની ફાળવણી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટીને વેગ આપવા બે ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને ૧૨ હાઈસ્પીડ કોરિડોરની જાહેરાત, તેમજ દાહોદ ખાતે નવું એરપોર્ટ બાંધવાની જાહેરાત કરવામાં આવી છે. ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવા શહેરી વિકાસના બજેટમાં ૪૦% વધારો કરાયો છે. ગરીબોને પીએમ આવાસ સહાય રૂ. ૧.૭૦ લાખ અને આદિજાતિ માટે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રૂ. ૩૦ હજાર કરોડની ફાળવણી કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ મત્સ્યોદ્યોગના વિકાસ માટે રૂ. ૧૬૨૨ કરોડનું પેકેજ, બાળકોના પોષણ માટે રૂ. ૮૪૬૦ કરોડ, નારીશક્તિ માટે 'સખી સાહસ યોજના' અને દિવ્યાંગ માટેની પાત્રતા ૬૦% સુધી ઘટાડવા જેવી વિવિધ યોજનાઓની જાહેરાત કરી હતી. આ બજેટ ગુજરાતના સર્વાંગી વિકાસ અને જનકલ્યાણ માટે પ્રેરક છે, તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

# રાજકોટમાં મેયરની ગરિમા ન જળવાઈ, સંકલન બેઠકમાંથી ઉભા થઈને ભાગ્યા

રાજકોટ,તા.૨૦



રાજકોટ મહાનગરપાલિકામાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા તૈયાર કરાયેલું અંતિમ બજેટ જનરલ બોર્ડમાં રજૂ કરવાનું હતું તે પહેલા મળેલી રાજકોટ ભાજપ સંગઠન અને કોર્પોરેટરોની સંકલનની બેઠક છોડીને મેયર પોતાની ઓફિસમાં પહોંચી ગયા હતા. વાત એમ હતી કે સંકલનની બેઠકમાં જ્યારે મેયર પોતાની વાત રજૂ કરી રહ્યા હતા તે સમયે કેટલાક કોર્પોરેટરો મજાક કરી રહ્યા હતા અને મેયરની વાત ધ્યાને લેવામાં ન આવતા મેયર રોષે ભરાયા હતા અને સંકલનની બેઠક છોડીને પોતાની ચેમ્બરમાં પહોંચી ગયા હતા. મેયરની નારાજગીને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તુરંત જ સમજી ગયા હતા અને સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર અને શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી મેયરની સમજાવટ કરીને ફરી સંકલનમાં લાવ્યા હતા. આ અંગે ટીવી નાઈન દ્વારા મેયર નયનાબેન પેઢડિયાનો સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે સંકલનની બેઠકમાં મજાક ચાલતી રહેતી હોય છે.

# સાવરકુંડલામાં છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતીની ઉજવણી

સાવરકુંડલા, તા.૨૦



હિન્દુ સમ્રાટ છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતી નિમિત્તે સાવરકુંડલાના વોર્ડ નં. ૨ માં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વોર્ડ નં. ૨ ના કાઉન્સિલર અજયભાઈ ખુમાણ, ભાજપના મંત્રી અમિતભાઈ પંડ્યા, ભાવેશભાઈ શેલડિયા, આકાશ વસંતભાઈ મકવાણા તેમજ યુવાન મિત્રો બહોળી સંખ્યામાં જોડાયા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ કોઈએ છત્રપતિ શિવાજી મહારાજના જીવન અને તેમના કાર્યોને યાદ કર્યા હતા.

# જૂનાગઢના ભવનાથ તીર્થ ક્ષેત્રમાં ૨૬ ફેબ્રુઆરીથી શિવરાત્રીના મેળાનો પ્રારંભ થશે

જૂનાગઢ ,તા.૨૦



ભગવાન ભોળાનાથની ભક્તિનું પ્રતિક અને ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ એવા ભવનાથમાં શિવરાત્રીની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આગામી ૨૩ તારીખથી શિવરાત્રી સુધી લાખો ભક્તોનો જમાવડો જૂનાગઢના ભવનાથમાં થવાનો છે. ત્યારે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ભવનાથમાં શિવરાત્રીની વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. જૂનાગઢના ભવનાથનો શિવરાત્રીનો મેળો લઘુ કુંભ તરીકે ઓળખાય છે. જ્યાં રવેડી અને મૃગી કુંડમાં નાગા સાધુઓના સ્નાનના દર્શન માટે અને ભવનાથના દર્શને લાખો શ્રદ્ધાળુઓ આવે છે. એટલે જ કહેવાય છે કે ભવનાથમાં દર વર્ષે શિવરાત્રીનો લઘુ કુંભ, દર ચાર વર્ષે કુંભ અને દર બાર વર્ષે મહાકુંભ ઉજવાય છે. શિવરાત્રીની તૈયારીઓ અંગે જૂનાગઢ મ્યુનિસિપલ કમિશનર ડો. ઓમ પ્રકાશએ વાતચીતમાં જણાવ્યું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ શિવરાત્રીની ઉજવણીની તૈયારીઓ કરી છે.

# જૂનાગઢના ભવનાથમાં દેશાવર લુહાર જ્ઞાતિની વાડી ખાતે સામાન્ય સભા અને ચૂંટણી યોજાશે

ધોરાજી, તા.૨૦

જૂનાગઢના ભવનાથ ખાતે મહાશિવરાત્રીના મેળામાં ચાર દિવસ સમસ્ત દેશાવર લુહાર જ્ઞાતિની વાડીમાં ઉત્સવ, સામાન્ય સભા અને ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ હરેશભાઈ કારેલીયાએ જણાવેલ છે કે, ભવનાથમાં સમસ્ત દેશાવર લુહાર જ્ઞાતિની વાડી ખાતે ૨૩થી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન ચાર દિવસ મહાશિવરાત્રી ઉત્સવ ઉજવાશે. આ ચાર દિવસ સુધી ભોજન મહાપ્રસાદ તેમજ સમાજના લોકો માટે ઉતારાની રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ૨૬ ફેબ્રુઆરીએ સવારે ૧૦:૦૦ કલાકે સમસ્ત જ્ઞાતિની સામાન્ય સભા યોજાશે અને તેમાં ટ્રસ્ટી મંડળની ચૂંટણી પણ યોજાશે. આથી સર્વ લુહાર જ્ઞાતિના આગેવાનો અને જ્ઞાતિજનોએ ૨૬ તારીખે સામાન્ય સભામાં હાજરી આપવા ખાસ જણાવેલ છે.

# મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં 'કન્યાઓને કારકિર્દી માર્ગદર્શન' અંગે સેમિનાર યોજાયો

અમરેલી, તા.૨૦



અમરેલીમાં માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજમાં ૧૮/૦૨/૨૦૨૫નાં રોજ 'બેટી બચાઓ, બેટી પઢાઓ' સેલ અમરેલી તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'કન્યાઓને કારકિર્દી માર્ગદર્શન' અંગે જાગૃતતા સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષ કણજરીયા, જિલ્લા રોજગાર કચેરીના કારકિર્દી માર્ગદર્શક કૌશિકભાઈ વાઘેલા, જિલ્લા મિશન કૉઓર્ડિનેટ હસમુખભાઈ રાઠોડ, જેન્ડર સ્પેશાલિસ્ટ જાનાબેન ગલચર, પાર્થભાઈ મારું, તમામ સ્ટાફ મેમ્બર્સ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહી હતી. મહિલાઓને કારકિર્દી પ્રાપ્ત કરવા અનેક ઉદાહરણો દ્વારા પ્રેરિત કરવામાં આવ્યા હતા. ગ્રેજ્યુએશન બાદ ક્યા કોર્ષ કરી શકાય અને ક્યા કોર્સ દ્વારા રોજગાર પ્રાપ્ત કરી શકાય તે અંગેનું અસરકાર માર્ગદર્શન આપ્યું હતું. અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રા. જૈમીનભાઈ જોશીએ અનુવાદના ક્ષેત્રમાં કારકિર્દી અંગે વિદ્યાર્થિનીઓને પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમના સમાપને વિદ્યાર્થિનીઓને મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા હળવો નાસ્તો અને સેનેટરી પેડનું વિતરણ કરાયું હતું.

# ધોરાજીના વાડોદર ગામમાં રહેણાંક વિસ્તારમાંથી મગરનું રેસ્ક્યુ

ધોરાજી, તા.૨૦



ધોરાજી તાલુકાના વાડોદર ગામમાં રહેણાંક વિસ્તારમાં મગર આવી પહોંચતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને મગરનું રેસ્ક્યુ હાથ ધર્યું હતું. વન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, વાડોદર ગામના શાંતિનગર સોસાયટીમાં રાત્રિ દરમિયાન નજીકના તળાવમાંથી એક મગર ચડી આવ્યો હતો. આ અંગેની જાણ ઉપસરપંચ અશ્વિનભાઈએ રાત્રે સામાજિક વનીકરણ રેન્જ ધોરાજીના આર.એફ.ઓ. નિહારિકાબેન પંડ્યાને કરતાં વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. વિરેન્દ્રભાઈ કુંવરિયાની ટીમે રહેણાંક વિસ્તારમાં આવી ચડેલા મગરનું રેસ્ક્યુ કર્યું હતું.

# લૂંટ કરવાના ઈરાદે રેકી કરતા બે ઈસમોને ગીર સોમનાથ એલસીબીએ ઝડપ્યા

ઉના, તા.૨૦



ગીર સોમનાથ એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમી આધારે તાલાલાનાં રમરેથી રોડ પાસેથી રાજેશ દેવાણંદભાઈ સોલંકી (ઉ.વ.૨૭) તથા કુલદીપગીરી હરસુખગીરી અપારનાથી (ઉ.વ.૨૫)ને દેશી તમંચો તથા ચોરી કરેલા બાઈક સાથે લૂંટ કરવાના ઈરાદે રેકી કરતાં ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી દેશી તમંચો, બાઈક, બે મોબાઈલ મળી કુલ રૂ.૭૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બંને આરોપી પાસેથી પકડાયેલ મુદ્દામાલ સ્કુટર જે અમદાવાદ ખાતેથી ચોરી કરી બંનેને પૈસાની જરૂરત હોય જેથી કોઈ આંગડીયા પેઢીમાં કે અન્ય કોઈ જગ્યાએ નાણાકીય પેઢીમાં રેકી કરી લૂંટ કરવાના ઈરાદા સાથે દેશી તમંચા હથિયાર સાથે ફરતા હોવાની કબુલાત કરી હતી.

# ધોરાજીની પટેલ વિદ્યામંદિર પ્રાથમિક શાળામાં આજે ત્રિવિધ કાર્યક્રમો યોજાશે

ધોરાજી, તા.૨૦

ધોરાજીમાં લેઉવા પટેલ કેળવણી મંડળ ટ્રસ્ટ દ્વારા સંચાલિત પટેલ વિદ્યામંદિર પ્રાથમિક શાળા દ્વારા ૨૧ ફેબ્રુઆરીએ સવારે વાલી સંમેલન, વિજ્ઞાન મેળો, આર્ટ ગેલેરી અને મારું સર્જન પ્રદર્શન યોજાશે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ કિશોરભાઈ પટેલ, જીમ્મીભાઈ પટેલના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકાશે. રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા પ્રવીણભાઈ મોડાસીયા અને તેમની ટીમ દ્વારા શાળામાં અનેકવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ ધમધમી રહી છે. મારું સર્જન પ્રદર્શનમાં બાળકોને વિજ્ઞાનમાં અભિરુચિ વધે તે હેતુથી શિક્ષકોના માર્ગદર્શનમાં વિવિધ પ્રયોગોનું નિદર્શન કરવામાં આવેલું છે. આ પ્રસંગે ધોરાજીના વિદ્યાર્થીઓ, વાલીઓને અચૂક લાભ લેવા ખાસ જણાવેલ છે.

# કોડીનાર વેરાવળ હાઈવે ઉપર ભૂતિયા આંગણવાડી ઉભી કરનાર વિરુદ્ધ કડક કાર્યવાહી

કોડીનાર, તા.૨૦



ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર-વેરાવળ હાઈવે પર ભૂતિયા આંગણવાડી ઊભી કરનાર અસામાજિક તત્વો વિરુદ્ધ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. કોડીનાર તાલુકાના કડવાસણ ગામના સરકારી સર્વે નંબર-૨૬માં ખાનગી ટ્રાન્સપોર્ટ ઉપયોગની જમીન પર આંગણવાડીનું બોર્ડ લગાડીને ગેરમાર્ગે દોરવાની ફરિયાદ મળતા મામલતદાર, કોડીનારની ટીમ અને સી.ડી.પી.ઓ. દ્વારા સ્થળ પર તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં આ સ્થળે આંગણવાડી ન હોવાનું અને તે નેશનલ હાઈવે સંપાદિત જમીન પૈકીનું હોવાનો ખુલાસો થયો છે. તંત્ર દ્વારા આ મામલે રિપોર્ટ કરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. આગળ પણ આવા અસામાજિક તત્વો સામે કડક પગલાં ભરવામાં આવશે તેમ તંત્રએ જણાવ્યું હતું.

# રાજ્ય સરકારનાં વિકાસલક્ષી બજેટને આવકારતા વિપુલ દુધાત

અમરેલી, તા.૨૦



રાજ્યનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં વિકાસને વેગ આપતાં બજેટને જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિનાં પૂર્વ ચેરમેન વિપુલભાઈ દુધાતે આવકાર્યું છે. કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ થયેલા આ બજેટમાં શહેરી વિકાસની સાથે ખેડૂતો અને ગ્રામીણ વિકાસ માટેની જોગવાઈઓ હોય સમગ્ર રાજ્યનાં વિકાસને વેગ મળશે. બનાસકાંઠાથી પીપાવાવ પોર્ટ સુધી જાહેર થયેલ નમો શક્તિ એક્સપ્રેસ-વેનો બજેટમાં સમાવેશ કરાતા જિલ્લાનાં વિકાસને વેગ મળશે.

# સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલમાં બોર્ડ પરીક્ષાલક્ષી માર્ગદર્શન સેમિનાર યોજાયો

સાવરકુંડલા, તા.૨૦



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા કે.કે. હાઈસ્કૂલમાં NSS યુનિટ અને સાવરકુંડલા ટાઉન પોલીસના સંયુક્ત ઉપક્રમે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે બોર્ડની પરીક્ષાલક્ષી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં PSI જી.એમ. જાડેજા, સાવરકુંડલા ટાઉન પોલીસના ગીરીશભાઈ મકવાણા, સાવરકુંડલા રૂરલ પોલીસના સંજયભાઈ બળેવીયા તેમજ પ્રેરણાત્મક વક્તા તરીકે અર્જુનભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય ચેતનભાઈ ગુજરીયાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. મોટિવેશનલ સ્પીકર અર્જુનભાઈ દવેએ વિદ્યાર્થીઓને લક્ષ્ય નિર્ધારણ અને તેની પ્રાપ્તિ માટેના માર્ગદર્શન સાથે કાગડા જેવી ચેષ્ટા, બગલા જેવી એકાગ્રતા અને કૂતરા જેવી ઊંઘની પ્રેરણાદાયી વાતો કરી હતી. તેમણે અસરકારક અભ્યાસ પદ્ધતિ અંગે પણ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓને અલ્પાહાર આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આચાર્ય ચેતનભાઈ ગુજરીયાના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઓફિસર વર્ષાબહેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અવસાન નોંધ

**સાવરકુંડલા**

કુંદનબેન રમણીકભાઈ ચાવડા તે રમણીકભાઈ બાલુભાઈ ચાવડાના પત્નીનું તા.૧૯/૨/૨૫ ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતની સાદડી તા.૨૧/૨/૨૫ને શુક્રવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે ગુર્જર ક્ષત્રિય પારેખવાડી કોર્નર વાડી ઉપરનો વિભાગ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

વનિતાબેન વાસુદેવભાઈ ભટ્ટ (ઉ.વ.૬૮) તે વાસુદેવભાઈ પ્રભાશંકરભાઈ ભટ્ટના પત્નીનું તા.૧૯/૨/૨૫ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૧/૨/૨૫ ને શુક્રવારના સવારે ૯ થી ૬ કલાકે સોમપ્રભા, શ્રીજીનગર, સ્વામિનારાયણ ગુરુકુળ પાસે, રાજુભાઈ ચોલેરાની દુકાન સામે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

## બજેટમાં "ઘરનું ઘર" સ્વપ્નને પરિપૂર્ણ કરવા ગરીબો માટે ૩ લાખથી વધુ આવાસો પૂરા પાડવાનું આયોજન

# ગુજરાત સરકારનું રૂ. ૩,૭૦,૨૫૦ કરોડનું બજેટ જાહેર



ગાંધીનગર,તા.૨૦

નાણામંત્રી કનુ દેસાઈએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે બજેટ રજૂ કર્યું છે. સતત ચોથી વખત કનુ દેસાઈએ બજેટ રજૂ કર્યું. ગુજરાતનું રૂ.૩,૭૦,૨૫૦ કરોડનું બજેટ જાહેર કરાયું છે. આ બજેટમાં મહિલાઓ માટે મોટી જાહેરાત કરાઈ છે. જેમાં મહિલાઓની આત્મનિર્ભરતા માટે 'સખી સાહસ' યોજના અમલમાં મૂકાઈ છે. સાથે જ નોકરી માટે ઘરેથી દૂર રહેતી મહિલાઓ માટે વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવાશે. તો ગુજરાતની ૬ એન્જિનિયરીંગ કોલેજમાં એઆઇ લેબની સ્થાપના કરાશે. આ ઉપરાંત આદિજાતિના સર્વાંગી વિકાસ માટે ન્યૂ ગુજરાત પેટર્ન યોજનાની જાહેરાત કરાઈ છે. એસસી, એસટી અને ઓબીસી વર્ગના યુવાનોમાં સ્વરોજગારી વધારવાની તક માટે લોન પર વ્યાજ સહાય અપાશે. નાણાંમંત્રીએ જણાવ્યું હતું કે શહેરી વિકાસ વર્ષની ઉજવણી અંતર્ગત ૩૦,૩૨૫ કરોડની જોગવાઈ કરાઈ છે. શહેરી વિકાસ વિભાગના બજેટમાં ૪૦ ટકાનો માતબર વધારો કરાયો છે. ગુજરાતની ૬૯ નગરપાલિકાઓને અપગ્રેડ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે વડીલોપાર્જીત મિલકતમાં અવસાન પામેલ પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતા હક કવિના લેખ ઉપર પ્રવર્તમાન ૪.૯૦ સ્ટેમ્પ ડ્યુટીના બદલે પુત્રના વારસદારોની જેમ જ ૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે. એક કરોડની રકમ માટે ઉપર ૦.૨૫% લેખે મહત્તમ ૨૫,૦૦૦ ની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની થાય છે તેમાં ઘટાડો કરીને હવે ૫૦૦૦ રૂપિયા સ્ટેમ્પ ડ્યુટી ભરવાની થશે. ગરીબ અને વંચિતોના વિકાસ માટે સરકાર આવાસ, અન્નસુરક્ષા, પોષણ વગેરેને અગ્રિમતા આપે છે. આ બજેટમાં "ઘરનું ઘર" સ્વપ્નને પરિપૂર્ણ કરવા ગરીબો માટે ૩ લાખથી વધુ આવાસો પૂરા પાડવાનું આયોજન છે. પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ), ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓમાં હાલની ૧ લાખ ૨૦ હજારની સહાયમાં મકાનદીઠ ૫૦ હજારના માતબર વધારા સાથે ૧ લાખ ૭૦ હજાર કરવાની જાહેરાત કરું છું. "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત રાજ્યના અંદાજે ૭૫ લાખ કુટુંબોને અનાજ વિનામૂલ્યે પૂરું પાડવાનું ભગીરથ કાર્ય અમારી સરકાર કરી રહી છે. વધુમાં ગરીબ લોકોની અન્નસુરક્ષા માટે રાહત દરે તેલ, કઠોળ, ખાંડ અને અન્ય આવશ્યક ખાદ્ય સામગ્રીનું વિતરણ પણ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે પ્રાથમિક શાળાઓનાં વિદ્યાર્થીઓને પૌષ્ટિક, આરોગ્યપ્રદ અને સ્વાદિષ્ટ ભોજન આપવા ૭૨ તાલુકાઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી "સેન્ટ્રલાઈઝડ કીચન" વ્યવસ્થા ઊભી કરવા ૫૫૧ કરોડની જોગવાઈ સૂચવું છું.

### બજેટમાં મનપા માટે રૂપિયા ૨૩૦૦ કરોડની જોગવાઈ

ગુજરાતની ૫૦% ઉપરાંત વસ્તી શહેરી વિસ્તારોમાં રહે છે. વિકસિત ગુજરાતની યાત્રામાં શહેરીકરણ મહત્વનો ભાગ ભજવે છે. શહેરોને ગતિશીલ, જીવંત, રહેવાલાયક અને પર્યાવરણની દ્રષ્ટિએ ટકાઉ તેમજ સક્ષમ બનાવવા સરકાર કાર્યરત છે. બે દાયકાની આ અવિરત વિકાસ યાત્રામાં ભૌતિક સુવિધાઓ, આધુનિક પરિવહન સુવિધાઓ દ્વારા ગુજરાતના શહેરો વિકસિત થયાં છે. આ ઉપલબ્ધિ માટે રાજ્ય સરકાર, સ્થાનિક પ્રશાસન અને નાગરિકોની સહભાગીતાને ધન્યવાદ આપું છું. આ વિકાસયાત્રાને આગળ ધપાવતા આ વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવાની જાહેરાત કરું છું. આ માટે શહેરી વિભાગનું બજેટ આશરે ૪૦% વધારીને ૩૦,૩૨૫ કરોડ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારે ગત બજેટમાં જાહેર કરેલ નવ મહાનગરપાલિકાની રચનાને વિધિવત સ્વરૂપ આપેલ છે. જેના વિકાસને વેગ આપવા માટે ૨૩૦૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. વધુમાં હાલની નગરપાલિકાઓને અપગ્રેડ કરવાનું તથા નવી નગરપાલિકા બનાવવાનું આયોજન છે.

### નોકરિયાત મહિલાઓ માટે ૫ શહેરોમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવાશે

ગુજરાત સરકારના નાણામંત્રી કનુ દેસાઈએ રાજ્યનું વર્ષ ૨૦૨૫-૨૬ માટે બજેટની જાહેરાત કરી છે. ત્યારે તેમણે ગુજરાતની મહિલાઓને પગભર બનાવવા માટે એક નવી યોજનાની જાહેરાત કરી છે. મહિલાઓની આત્મનિર્ભરતા માટે સરકારે નવી "સખી સાહસ" યોજનાની જાહેરાત કરી છે. જેમાં મહિલાઓને સાધન સહાય, લોન ગેરંટી તથા તાલીમ આપવામાં આવશે. આ સાથે જ બજેટમાં જે મોટી જાહેરાત કરાઈ છે, તે વર્કિંગ વુમન્સ હોસ્ટેલ બનાવવાની છે. આ જાહેરાત અંતર્ગત અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગરમાં સુવિધાજનક વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવાનું આયોજન છે. નાણામંત્રી કનુ દેસાઈએ જાહેરાત કરતા કહ્યું કે, મહિલાઓની આત્મનિર્ભરતા માટે હું નવી "સખી સાહસ" યોજનાની જાહેરાત કરું છું. જેમાં મહિલાઓને સાધન સહાય, લોન ગેરંટી તથા તાલીમ આપવા રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરું છું.

### શિક્ષણ વિભાગ માટે બજેટમાં ૫૯,૯૯૯ કરોડની જોગવાઇ

મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના આશરે ૨૫ હજારથી વધુ વર્ગખંડોના માળખાગત સુધારણા માટે ૨૯૧૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાઈટ ટુ એજ્યુકેશન એકટ અંતર્ગત રાજ્યમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ૭૮૨ કરોડની જોગવાઇ, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત અંદાજે ૨ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે ૨૫૦ કરોડની જોગવાઇ, એસ.ટી. નિગમની બસોમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓને બસ પાસ ફી કન્સેશન માટે ૨૨૩ કરોડની જોગવાઇ, જ્ઞાનશક્તિ રેસિડેન્શીયલ સ્કૂલ્સ ઑફ એકસલન્સ માટે ૨૦૦ કરોડની જોગવાઇ કરી છે. સરકારી પ્રાથમિક શાળાઓ, સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજીત ૨૨ હજાર કરતાં વધુ શિક્ષકોની ભરતી કરવાની પ્રક્રિયા પ્રગતિમાં છે.

### હાઈસ્પીડ કોરીડોર, બે નવા એક્સપ્રેસ-વે

એનર્જી સ્ટોરેજ અને પંપ સ્ટોરેજ પ્રોજેક્ટ અંતર્ગત અંદાજપત્રમાં વિશેષ જોગવાઇ કરવામાં આવેલ છે. રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓ માટે હાઈસ્પીડ કોરીડોર તેમજ એક્સપ્રેસ વે વિકસાવવા માટે આ બજેટમાં કુલ ૧૦૨૦ કરોડની જોગવાઇ સૂચવું છું. "ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોર" પ્રોજેક્ટ હેઠળ ૧૩૬૭ કિ.મી.ના ૧૨ નવીન હાઇસ્પીડ કોરીડોર વિકસાવવામાં આવશે. વધુમાં રાજ્યમાં બે નવા એક્સપ્રેસ-વે વિકસાવવામાં આવશે. જેમાં બનાસકાંઠાને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા સાથે જોડતા ડિસાથી પીપાવાવ રસ્તાને "નમોશક્તિ એક્સપ્રેસ-વે" તરીકે વિકસાવવામાં આવશે.

### કિસાન ક્રેડિટ કાર્ડમાં ધિરાણની મર્યાદા ૩ લાખથી વધારી પાંચ લાખ કરવામાં આવી

મુશ્કેલીઓ અને રાતના ઉજાગરામાંથી મુક્ત કરવા અમે દિવસે વીજળી આપવા "કિસાન સૂર્યોદય યોજના" અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ રાજ્યના ૧૬,૬૮૩ એટલે કે ૯૭% ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી આપવાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે. આ યોજનાને વધુ સુદ્રઢ કરવા માટે આ બજેટમાં ૨૧૭૫ કરોડની ફાળવણી કરું છું. સરદાર સરોવર બંધનું કામ પૂર્ણ થયા બાદ કેનાલ હેઠળના કામો પૂર્ણતાના આરે છે. સરદાર સરોવર યોજનાની ૧૮ લાખ હેક્ટર સિંચાઇ ક્ષમતા સામે ૧૭.૨૨ લાખ હેક્ટર સિંચાઇ વિસ્તાર વિકસિત થયેલ છે. બાકી રહેતા નહેરોના નેટવર્કના કામો પ્રગતિ હેઠળ છે. કેન્દ્રિય બજેટમાં કિસાન ક્રેડિટ કાર્ડમાં ધિરાણની મર્યાદા ૩ લાખથી વધારી ૫ લાખ કરવામાં આવેલ છે. જેનો પૂર્ણ પણે અમલ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. જે અંતર્ગત ૪% વ્યાજ રાહત આપવા માટે ૧૨૫૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ લોન દર વર્ષે ખેડૂતો, પશુપાલકો અને સાગરખેડુઓને મળતાં તેઓ પોતાની પ્રવૃત્તિ સમયસર કરી શકે છે.

### ગૃહ વિભાગ માટે કુલ રૂપિયા ૧૨૬૫૯ કરોડની જોગવાઈ, ૨૪ જિલ્લાઓમાં સાયબર ફોરેન્સિક યુનિટ શરૂ કરાશે

ગૃહ વિભાગ માટે કુલ ૧૨૬૫૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યમાં આંતરિક સુરક્ષા, કાયદો અને વ્યવસ્થાના સંચાલન માટે ઝીરો ટોલરન્સ પોલિસી સાથે અમારી સરકાર અનેક સુધારાઓ કરી રહી છે. રાજ્યમાં સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર સાયબર ક્રાઈમ, સાયબર સિક્યુરિટી અને સાયબર ઈન્ટેલિજન્સની વ્યવસ્થા ઊભી કરવાનું આયોજન છે. જે માટે ૧૧૮૬ નવી જગ્યાઓ તથા આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૨૯૯ કરોડની જોગવાઇ કરી છે. રાજ્યની વિશિષ્ટ પોલીસ ટૂકડીઓ જેમ કે બીડીડીએસ ટીમ, ક્યુઆરટી ટીમ, એસડીઆરએફ કંપનીમાં કમાન્ડો માટે સાધન સામગ્રીની ખરીદી માટે ૬૩ કરોડની જોગવાઈ કરી છે. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે "એક ભારત, શ્રેષ્ઠ ભારત" વિઝનની ઉજવણી માટે ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યના તમામ બાકી રહેતા ૨૪ જિલ્લાઓ ખાતે સાયબર ફોરેન્સિક યુનિટ શરૂ કરવા માટે ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશ સામે લોકપાલના આદેશ પર સુપ્રીમ કોર્ટનો સ્ટે

નવીદિલ્હી,તા.૨૦

સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ન્યાયાધીશ સામે લોકપાલના આદેશ પર સ્ટે આપ્યો છે. સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે આ ખૂબ જ ચિંતાજનક બાબત છે. સુપ્રીમ કોર્ટે ન્યાયતંત્રની સ્વતંત્રતા પર ચિંતા વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે આ મુદ્દે કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી છે. આ ઉપરાંત, લોકપાલ રજિસ્ટ્રાર અને હાઈકોર્ટના ન્યાયાધીશ વિરુદ્ધ ફરિયાદ કરનાર ફરિયાદીને પણ નોટિસ જારી કરવામાં આવી છે. વાસ્તવમાં લોકપાલે હાઈકોર્ટના એક વર્તમાન ન્યાયાધીશ સામેની ફરિયાદની સુનાવણી કરી. આવી સ્થિતિમાં, સુપ્રીમ કોર્ટે સ્વતઃ સંજ્ઞાન લીધું અને આ મુદ્દા પર સુનાવણી કરી કે શું હાઈકોર્ટના ન્યાયાધીશો ભારતના લોકપાલના અધિકારક્ષેત્રમાં આવે છે કે નહીં?

## પનામા હોટલમાં ફસાયેલા ૩૦૦ લોકોમાંથી મોટાભાગના ભારત-નેપાળના લોકો

નવીદિલ્હી,તા.૨૦

પનામાની એક હોટલમાં ૩૦૦ લોકો ફસાયેલા છે, જેમને અમેરિકાથી દેશનિકાલ અને ઘરે ન પહોંચી શકવાની અનિશ્ચિતતા સહિત વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ ૩૦૦ લોકોમાં મોટાભાગના ભારતીયો અને નેપાળ, શ્રીલંકા, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ચીનના નાગરિકો છે. તેમના પાછા ફરવાની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી તે બધા ત્યાં જ રહેશે, અને તેમને હોટલની બહાર જવાની મંજૂરી આપવામાં આવી નથી. અધિકારીઓના મતે, ૪૦% થી વધુ સ્થળાંતર કરનારાઓ તેમના દેશમાં પાછા ફરવા તૈયાર નથી. હોટલમાં બંધ બધા સ્થળાંતર કરનારાઓની હાલત ખૂબ જ દયનીય છે, આ વાત એ વાત પરથી જોઈ શકાય છે કે હોટલમાં ફસાયેલા લોકો બારીઓ પર સંદેશા લખી રહ્યા છે, મદદ માંગી રહ્યા છે.

## આપણે ભારતને વિશ્વ ગુરુ બનતું જોઈશું, આરએસએસના વડા મોહન ભાગવત

નવીદિલ્હી,તા.૨૦



ઝંડેવાલનમાં નવીનીકૃત 'કેશવ કુંજ'ના પ્રવેશોત્સવ કાર્યક્રમમાં આરએસએસના વડા ડૉ. મોહન ભાગવતે કહ્યું કે 'દેશમાં આરએસએસનું કાર્ય વેગ પકડી રહ્યું છે, વ્યાપક બની રહ્યું છે.' આજે, આપણે સંઘના કાર્યને તે નવીનીકરણ કરાયેલી ઈમારતની ભવ્યતા જેટલું ભવ્ય બનાવવું પડશે જેનું ઉદ્દ્ઘાટન આપણે કરી રહ્યા છીએ અને આપણા કાર્યમાં તે પ્રતિબિંબિત થવું જોઈએ. અમને પૂર્ણ વિશ્વાસ છે કે આ કાર્ય સમગ્ર વિશ્વ સુધી પહોંચશે અને ભારતને વિશ્વ નેતા તરીકે સ્થાપિત કરશે. અને આપણે તેને આ જ શરીરથી, આ જ આંખોથી બનાવતા જોઈશું, આ શ્રદ્ધા છે. પરંતુ સંઘના સ્વયંસેવકોએ આ માટે પ્રયત્નો કરવા પડશે.

## ગુજરાત વહીવટી સેવા કેડરના ૨૦ અધિકારીઓ આઇએએસ માટે નોમિનેટ

અમદાવાદ,તા.૨૦

ગુજરાત રાજ્યના વહીવટી તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે, જેમાં ગુજરાત વહીવટી સેવા (આઇએએસ) કેડરના ૨૦ પ્રતિભાશાળી અધિકારીઓને ભારતીય વહીવટી સેવામાં નોમિનેટ કરવામાં આવ્યા છે. આ નોમિનેશન ગુજરાતના વહીવટી માળખાને વધુ મજબૂત બનાવશે અને જાહેર સેવાના ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ હાંસલ કરશે. ૨૦૨૩માં એડિશનલ કલેક્ટર તરીકે ફરજ બજાવતા ૫ અધિકારીઓને તેમની ઉત્કૃષ્ટ કામગીરીના આધારે જિલ્લા વિકાસ અધિકારી તરીકે બઢતી આપવામાં આવશે. ૨૦૨૪માં ૧૫ આઇએએસ અધિકારીઓને આઇએએસ અધિકારી તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

## ચેમ્પિયન્સ ટ્રોફીની પહેલી જ મેચમાં ભારતે બાંગ્લાદેશને હરાવી જીત મેળવી

દુબઈ, તા.૨૦




ચેમ્પિયન્સ ટ્રોફી-૨૦૨૫ દુબઈ ખાતે રમાઈ રહી છે. ત્યારે ભારતે ચેમ્પિયન્સ ટ્રોફીની શરૂઆત જીત સાથે કરી છે. બાંગ્લાદેશે ટોસ જીતી પ્રથમ દાવમાં ૨૨૮ રન બનાવી ઓલઆઉટ થઈ હતી. જ્યારે ભારતે ૪૬.૪ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને જીત મેળવી છે. બાંગ્લાદેશ તરફથી સૌથી વધુ રન તોહિદ હૃદયએ ૧૦૦ રન અને જેકર અલીએ ૬૮ રન બનાવ્યા હતા. જયારે ભારત તરફથી સૌથી વધુ રન શુભમન ગીલે ૧૦૧ તથા રોહિત શર્મા અને કે.એલ. રાહુલે ૪૧ રન બનાવ્યા હતા. વિરાટ કોહલી ૨૨ રન બનાવીને આઉટ થયો હતો. મોહમ્મદ શમીએ ૫ વિકેટ, હર્ષિત રાણાએ ૩ વિકેટ અને અક્ષર પટેલે ૨ વિકેટ લીધી હતી. ભારતીય ટીમે ચેમ્પિયન્સ ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કરી જીત પ્રાપ્ત કરી છે.






## બજેટ ફક્ત અને ફક્ત જાહેરાતોનું, ચીલાચાલુ અને દિશાવિહીન : અમિત ચાવડા

ગાંધીનગર, તા.૨૦



ગુજરાત સરકાર દ્વારા આજે વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું એ અંગે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ પોતાનું વિશ્લેષણ રજૂ કર્યું હતું. અમિત ચાવડાએ આ બજેટની આકરા શબ્દોમાં ટીકા કરતા કહ્યું કે આ બજેટ ફક્ત અને ફક્ત જાહેરાતોનું છે, ચીલાચાલુ છે અને દિશાવિહીન છે. રોજગાર આપવા માટે કોઈ નક્કર યોજના નથી, મોંઘવારી ઘટાડવા માટે કોઈ યોગ્ય આયોજન નથી, ખેડૂતોની ઉન્નતિ કરવાનું કે તેમની આવક બમણી કરવાનું કોઈ આયોજન નથી. ગૃહિણીઓ, વૃદ્ધો, વિધવાઓ, સરકારી કર્મચારીઓ કે યુવાનોની આશાઓને આ બજેટથી નિરાશા સાંપડશે. અમિત ચાવડાએ જણાવ્યું કે આજના બજેટમાં કશું નવું નથી. તે એક ચીલાચાલુ બજેટ છે, જેમાં ગામડાઓની અવગણના કરવામાં આવી છે.




સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# વિઝન વિકસિત ગુજરાતનું મિશન જનકલ્યાણનું



વિઝન વિકસિત ગુજરાતનું
ગુજરાત બજેટ 2025-26
મિશન જનકલ્યાણનું

## ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ
## ₹3 લાખ 70 હજાર 250 કરોડ

રાજ્યના અત્યાર સુધીના ઇતિહાસનું સૌથી મોટા કદના એટલે કે **₹3.70 લાખ કરોડના આ બજેટમાં** કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તુલનાએ 22.9% નો વધારો

આગામી પાંચ વર્ષમાં ગુજરાતને વિકાસની નવી ગતિ પ્રદાન કરવા **₹50 હજાર કરોડની જોગવાઇ ધરાવતા 'વિકસિત ગુજરાત ફંડ'ની સ્થાપના**

**સુરતની જેમ રાજ્યમાં અન્ય પાંચ રિજીયોનલ ગ્રોથ હબ બનાવાશે**
જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સૌરાષ્ટ્ર કોસ્ટલ અને કચ્છનો સમાવેશ થાય છે

**વિકસિત ગુજરાતને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને 12 હાઇ સ્પીડ કોરિડોર વિકસાવાશે**

નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔદ્યોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે.

સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેને અમદાવાદ, રાજકોટ અને દ્વારકા, સોમનાથ, પોરબંદર સાથે જોડવાથી દ્વારકા અને સોમનાથ જતા પ્રવાસીઓને વધુ સરળ એર કનેક્ટિવિટી મળશે.

**ઇઝ ઓફ લિવિંગ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટેના મહત્વપૂર્ણ નિર્ણયો**

માનનીય વડાપ્રધાનશ્રીની "ગ્રીન ગ્રોથ"ની સંકલ્પનાને સાકાર કરવા અને પર્યાવરણની જાળવણી માટે ઇલેક્ટ્રીક વાહનો પર હાલમાં 6% સુધી અંદાજિત વાહન વેરો અમલમાં છે, તેમાં સંપૂર્ણપણે ઇલેક્ટ્રીક બેટરીથી સંચાલિત વાહનો પર 1 વર્ષ માટે 5% સુધી રીબેટ આપી અસરકારક 1% લેખે વેરાનો દર રાખવાનો નિર્ણય

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના મંત્રને લક્ષ્યમાં રાખી સ્ટેમ્પ ડ્યુટીના દરોમાં રાહત અને સરળીકરણનો નિર્ણય

- રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા **અંબાજી કોરિડોર અને ધરોઇ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ**નો વિકાસ કરાશે.
- 2025ના સમગ્ર વર્ષને **શહેરી વિકાસ વર્ષ** તરીકે ઉજવવામાં આવશે. શહેરી વિકાસના બજેટમાં 40%નો વધારો કરીને ₹30 હજાર કરોડથી વધુની ફાળવણી
- ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા રાજ્ય સરકારે **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ),** ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓની સહાયમાં **₹50 હજારનો વધારો કરીને ₹1.70 લાખ કરવામાં આવી.**
- અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટમાં વસવાટ કરતાં **વનબંધુઓના વિકાસ માટે ₹30 હજાર કરોડની** ફાળવણી.
- **મત્સ્ય ઉત્પાદન વૃદ્ધિ અને રોજગારમાં વધારો કરવા માટે ₹1622 કરોડના ખર્ચે** માછીમારો માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ, સ્ટોરેજ, પ્રોસેસિંગ અને એક્સપોર્ટ માટે સુવિધા ઊભી કરાશે.
- કૃષિ યાંત્રિકીકરણ થકી ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે **₹1500 કરોડથી વધુની સહાય**
- યુવાશક્તિ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના આ યુગમાં વિશ્વ સાથે કદમ મિલાવી શકે તે માટે સાત ટેક્નિકલ સંસ્થાઓમાં **AI લેબ** અને સ્ટાર્ટઅપ માટે અનુકૂળ ઇકોસિસ્ટમ ઊભી કરીને સ્ટાર્ટઅપને વેગ આપવા **ચાર રિજિયનમાં i-Hubની** સ્થાપના કરાશે.
- નારીશક્તિના **સશક્તિકરણ અને આત્મનિર્ભરતા માટે** નવી મહત્વપૂર્ણ યોજના **'સખી સાહસ યોજના'** નો આરંભ કરાશે. સ્વ-સહાય જૂથની બહેનોને આ યોજનામાં સાધન સહાય, લોન ગેરંટી વગેરે માટે રાજ્ય સરકાર મદદરૂપ થશે.
- ઉજ્જવળ આવતીકાલ સમા **બાળકોના પોષણ માટે ગત વર્ષના બજેટ કરતાં 25 ટકાનો વધારો** કરીને ₹8200 કરોડની ફાળવણી.
- જનતા જૂથ અકસ્માત વીમા યોજનામાં આપવામાં આવતા વીમા સુરક્ષા કવચ ₹50 હજારથી ₹2 લાખ હતું, જેમાં વધારો કરીને **₹2 લાખથી ₹4 લાખ કરવામાં આવી**
- વહીવટી સુધારણા ક્ષેત્રે ગુજરાતનું ઐતિહાસિક કદમ, રાજ્ય સરકાર કરશે **ગુજરાત વહીવટી સુધારણા પંચની** રચના.

"આ બજેટમાં GYAN એટલે કે ગરીબ, યુવાન, અન્નદાતા અને નારીશક્તિના વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. જેથી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'વિકસિત ભારત@2047'ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પોતાનું મહત્વનું યોગદાન આપી શકે."

**શ્રી કનુભાઇ દેસાઇ, માનનીય નાણામંત્રી, ગુજરાત**